Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

मोक्षार्थिना प्रत्यहं ज्ञानवृद्धिः कार्या ।

શ્રી

# જૈન ધર્મ પ્રકાશ

પુસ્તક ૬૦ મું :: અંક ૭ મો

વીર સંવત ૨૪૭૦ ✻ વિક્રમ સંવત ૨૦૦૦

વૈશાખ

પ્રગટકર્તા—

શ્રી જૈન ધર્મ પ્રસારક સભા

ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન ધર્મ પ્રકાશ

બહારગામ માટે બાર અંક ને ભેટના પોસ્ટેજ સાથે વાર્ષિક લવાજમ રૂા. ૧-૧૬-૦.

પુસ્તક ૬૦ મું } અંક ૭ મો. — વૈશાખ. — { વીર સં. ૨૪૭૦ { વિક્રમ સં. ૨૦૦૦

## અનુક્રમણિકા


૧. શ્રી મુનિસુવ્રત જિન સ્તવન ... ... ( મુનિ ભદ્રાનંદ ) ૧૯૩
૨. પહેલું પારણું યાને અખાત્રીજની ઉત્પત્તિ ( પ્રો. હી. ર. કાપડિયા એમ. એ. ) ૧૯૪
૩. જીવના આઠ પ્રકાર સંબંધી અષ્ટક ... ( શાહ મગનલાલ મોતીચંદ ) ૧૯૫
૪. દેહ કે હી કાર્યમેં દિનરાત આશિક હો રહે ... ( રાજમલ ભંડારી ) ૧૯૬
૫. શ્રી પ્રશ્નસિંધુ : ૭... ... ... ( આચાર્ય શ્રી વિજયપદ્મસૂરિ ) ૧૯૭
૬. વીરવિલાસ: ૧૫ ... ... ... ... ... ( મૌક્તિક ) ૨૦૨
૭. શ્મશાનભૂમિ એક શિક્ષણશાળા છે... ... ... ( કુંવરજી ) ૨૦૫
૮. નેકી, દયા ને સંપ ... ... ... ... ( કુંવરજી ) ૨૦૬
૯. ભૂલનો સુધારો ... ... ... ... ... ( કુંવરજી ) ૨૦૬
૧૦. પ્રશ્નોત્તર—( પ્રશ્નકાર-માસ્તર એમ. બી. ગાંધી-બેંગ્લોર સિટી ) ( કુંવરજી ) ૨૦૭
૧૧. પંન્યાસ શ્રી કલ્યાણવિમળજીના પ્રશ્નોનાં ઉત્તરો ... ( કુંવરજી ) ૨૦૯
૧૨. શ્રી આનંદઘનજીનું દિવ્ય જિનમાર્ગદર્શન: ૩
( ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઇ મહેતા M. B. B. S. ) ૨૧૧
૧૩. પ્રભાવિક પુરુષો : પૂર્વધર ત્રિપુટી : ૧ ( મોહનલાલ દીપચંદ ચોકસી ) ૨૧૭
૧૪. સુવર્ણ ... ... ... ( રાજપાળ મગનલાલ વહોરા ) ૨૨૧
૧૫. ચોરના હાથમાં તીજોરીની ચાવી... ...( શ્રીયુત બાલચંદ હીરાચંદ ) ૨૨૨
૧૬. ભાવશૂન્ય ક્રિયા ફળવતી થતી નથી ... ... ( કુંવરજી ) ૨૨૪


### વાર્ષિક સભાસદોને

સં. ૧૯૯૯ ના ચૈત્રથી સં. ૨૦૦૦ ના આસો સુધીના વર્ષ એક તથા સાત માસની ફીના રૂા. ૫)≈ થાય છે તથા ભેટની બુકના પોસ્ટેજના છ આના મળી રૂા. પાા વૈ. શુ. ૧૫ સુધીમાં મનીઓર્ડરથી મોકલનારને ભેટની બુકો રવાના કરવામાં આવશે. ત્યારબાદ વી. પી. ચાર્જના ત્રણ આના મળી રૂ. પાા≈નું વી. પી. કરવામાં આવશે. ભેટની બુકો નીચે પ્રમાણે છે.

૧. પ્રભાવિક પુરુષો, ( પૃષ્ઠ ૪૬૦ ) ૨. પવિત્રતાના પંથે, ( પૃષ્ઠ ૧૩૨ ) ૩. તત્ત્વવાર્તા લક્ષ્મી સરસ્વતી સંવાદ, ( પૃષ્ઠ ૯૨ ) ૪. દુહાસંગ્રહ ( પૃષ્ઠ ૧૧૨ ) અને ૫. રત્નાકર પચીશી–અનુવાદ.

For Private And Personal Use Only

सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः

# जैन धर्म प्रकाश

પુસ્તક ૬૦ મું | અંક ૭ મો

વૈશાખ

વીર સં. ૨૪૭૦ | વિ. સં. ૨૦૦૦

मोक्षार्थिना प्रत्यहं ज्ञानवृद्धिः कार्या । ( [illegible] )

## ॥ श्री मुनिसुव्रत जिन स्तवन ॥

( तर्ज—आनंदका डंका बजवा दिया शिवपुरवालोंने )

मुनिसुव्रतनाथ बसे मन में, नहि अन्य देव मुझ को भावे ।
दिन रात सदा तव ध्यान रहे, प्रभु ऐसी मम मति हो जावे ॥टेर॥

जिम नृत्य में ध्यान रहे नर का, पनिहारी का ज्यों हो घट में ।
त्यों ध्यान रहे मम तव पद में, जिससे न कभी गोते खावे ॥मु०॥१॥

सब देव राग के धारी है, अरु संग में उनके नारी है ।
वे काम क्रोध अवतारी है, जिस से नहिं हम उनको ध्यावें ॥मुनि०२॥

तुम राग द्वेष संहारी हो, औ गुणगण में भी भारी हो ।
तुम ब्रह्मरूप अविकारी हो, जिससे ही हम तव गुण गावे ॥मुनि०३॥

जब ध्येय ध्यान औ ध्याताका, तल्लीनपना हो जाता है ।
तब निश्चय भद्रानंद मिले, अरु उत्तम शिवसुख को पावे ॥मुनि०४॥

मुनि भद्रानंद

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પહેલું પારણું
## યાને
# અખાત્રીજની ઉત્પત્તિ

( લે. પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ. એ. )

[ વસંતતિલકા ]

દીક્ષાનિમિત્ત કરતા છઠ આદિનાથ,
દીક્ષા લઇ વિચરતા પ્રભુ મૌન ધારી;
બીજે દિને જિનપતિ નિજ પારણાર્થે,
જાયે ગૃહે નવનવાં પણ નાહિ સિદ્ધિ. ૧

કોઇ ધરે પવનવેગી શું અશ્વરત્નો,
હાથી અનુપમ વળી નમી કોઇ અર્પે;
કન્યા અનેક જન દે ગુણમંજૂષા જે,
સૌન્દર્યમાં અતુલ ભૂષણ કોઇ ભક્ત. ૨

વસ્ત્રો અમૂલ્ય ધરતા નવ પંચરંગી,
માળા અલૌકિક જનો કંઇ પુષ્પકેરી;
કોઇ દીએ કનકના ઢગ કેટલાએ,
બક્ષે વળી ધનિક રંગથી રત્નરાશિ. ૩

પૂર્વે હતા નૃપતિ તેમ હજી ય માને,
જાણે ન આ જન, થયા પ્રભુ આત્મરાગી;
સર્વે પરિગ્રહ લઇ વળી આજ આવ્યા,
'ભિક્ષા માટે ઉચિત તો લઉ' એ વિચારી. ૪

લાધી ન ગોચરી કંઇ પ્રભુને સ્થળે કો,
સેવી ન ગ્લાનિ ઋષભે જરી યે તથાપિ;
જાતાં સ્થળે વિવિધ જંગમ તીર્થ જાણે,
જીતે પરીષહ ક્ષુધાદિક સ્વસ્થ ચિત્તે ૫

[ અનુષ્ટુપ્ ]

વર્ષ વીત્યું અને આવ્યા, પ્રપૌત્રના પુરે પ્રભુ;
આર્યોના ને અનાર્યોના, દેશોમાં વિચરી બહુ. ૬

[ ઉપજાતિ ]

પૌરો નિહાળી જિનને સમર્પે,
કન્યા, તુરંગો, ગજ, વસ્ત્ર, રત્નો;
સુવર્ણ, પાન, રથ, મહેલકેરી;
એકે પ્રભુએ નહિ વસ્તુ લીધી. ૭

એથી થયો શોરબકોર, સુણી,
શ્રેયાંસ આવે જિન પાસ દોડી;
જોઇ પ્રભુનો મુનિવેષ, એના
ચિત્તે વિચારો ચમકે સફાળા. ૮

[ અનુષ્ટુપ્ ]

અલ્પ કાળે થયું જાતિ-સ્મરણ જ્ઞાન એહને;
ભાળી પૂર્વ ભવોને એ, જાણે ભિક્ષાવિધિ રૂડી. ૯

આવી એ સમયે કોઇ, ભેટ શ્રેયાંસને ધરે;
ઘડાઓની, ભરેલા જે ઇક્ષુકેરા રસે નવા. ૧૦

પ્રપિતામહને નિજ, કહે એ જોડી હાથ બે;
કલ્પે નાથ! તમોને આ, સ્વીકારો મુજ વિનતિ. ૧૧

[ ઉપજાતિ ]

રચે પ્રભુ અંજલિ, ને ઘડાઓ
ઉઠાવી શ્રેયાંસ જ ઠાલવે છે;
બિન્દુ ન એક ભૂમિએ પડે છે,
સાચે શું તીર્થેશતણો પ્રભાવ. ૧૨

[ અનુષ્ટુપ ]

રસે એ પારણું કીધું, પ્રભુએ વર્ષ આખરે;
દુન્દુભિ ગગન ગાજી, રત્નવૃષ્ટિ થઇ તદા. ૧૩

પંચવર્ણી કુસુમોની, સુગંધી જળની તથા;
વૃષ્ટિ દેવો કરી રાચ્યા, ઉછાળી વળી વસ્ત્રને. ૧૪

વૈશાખ શુકલ ત્રીજે આ, પારણું પ્રભુએ કર્યું;
**અક્ષય તૃતીયા** નામે, પર્વ ઉત્તમ એ થયું. ૧૫



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જીવના આઠ પ્રકાર સંબંધી અષ્ટક

હરિગીત

જાણે નહીં નહિ આદરે, સંયમ નિયમ નહિ પાળતા,
અતિ મોહવશ થઈ મુગ્ધભાવે, જ્ઞાનધ્યાન ન ધારતા;
મિથ્યાત્વ પુરના વમળમાં, જાયે તણાતા માનવા,
ભવાબ્ધિ પાર ન પામતા, **સંસારી** જીવને જાણવા. ૧

જાણે નહિ નહીં આદરે, વ્રત પાળવા રુચિ ધરે,
બાહ્યભાવના કારણે, સંવેગ હૃદયે ન ઊતરે;
સ્વભાવના જ્યાં અંકુરો, ફૂટ્યા નથી જેના ખરે,
**અજ્ઞાન તપસ્વી** જાણવા, એમ શાસ્ત્રકારો રે! વદે. ૨

ઇચ્છાએ કરીને આદરે, પણ પાળવે અપૂર્ણતા,
દર્શનની અવિશુદ્ધતાએ, અનુકમ્પભાવ ન આણતા;
પ્રભાવ પ્રગટાવે ખરો, પણ આંતમ ધ્યેય ન જાણતા,
**પાસત્થા**ના લક્ષણો, આ વિવેકથી જ વિચારવા. ૩

વ્રત પ્રત્યાખ્યાન આદરી, પાલન કરે છે પ્રેમથી,
સમ્યગ્જ્ઞાન અપૂર્ણતાએ, ન રહે સ્વરૂપમાં ટેકથી;
શ્રદ્ધાદિ ગુણની ભૂમિકા, પૂરી નથી અહીં જાણવી,
**અગીતાર્થ** જીવની, કરણી સદૈવ પિછાણવી. ૪

આદર અને પાલન નહીં, પણ જ્ઞાનથી તો જાણતા,
યથાતથ્ય સ્વરૂપમાં રહી, ધર્મધ્યાનને ધારતા;
પુરુષાર્થ કરવાના પ્રયત્નો, ઉદ્ભવે આ જીવમાં,
**અવિરતિ** જીવને કહ્યા, ખરે! શાસ્ત્રકુંજ નિકુંજમાં. ૫

જાણે સદા, પાળે ખરા, [1]આદરપણું નવ સંભવે,
મનુષ્યભવને ઇચ્છીને, જે આત્મ સાર્થકને ભજે;
ઉત્કૃષ્ટ સ્થિતિ પામવા, મનોમંથનો અહીં ઉદ્ભવે,
**અનુત્તરવાસી** દેવના, જીવો સુખોમાં બહુ ચડે. ૬

ધર્મભાવે જાણીને જે, વિવેકથી નિત્ય આદરે,
પાળી શકે ન પૂર્ણભાવે, દેહાધ્યાસના કારણે;
જ્ઞાન દશા પ્રગટાવવાનો, આસ્તિક્યભાવ અહીં ધારવો,
**સંવિજ્ઞપક્ષી** જીવનો, મહિમા ઘણો જ વિચારવો. ૭

---

૧. અવિરતિના ઉદયથી આદરી શકતા નથી, બહુમાન તો હોય જ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સમ્યગ્‌ભાવે જાણીને, જે પાળવામાં પૂર્ણ છે,
અનુકમ્પભાવે આદરી, વળી ન્યાયમાં નિપુણ છે;
દેશથી ને સર્વથી, જે વ્રત સંયમાદિ પાળતા,
શાસ્ત્રકારો એ જીવને, **મહાવ્રતધારી** માનતા. ૮

માસ્તર મગનલાલ મોતીચંદ શાહ–વઢવાણ કેમ્પ

## देह के ही कार्य में दिनरात आशिक हों रहे ।

इस देह के ही कार्य में, दिनरात आशिक हो रहे ।
भूलकर निज आत्म को, निज आत्म सत्ता खो रहे ॥ १ ॥
समर्थ भी होते हुवे, फिर मानते असमर्थ ही ।
हो कर के आत्मेश्वर मगर, फिर रंक जैसे हो रहे ॥ २ ॥
जादु डाला मोहने, फिर मोहनी से वश कीया ।
शक्ति दवाई इसने अपनी, इस से गाफिल हो रहे ॥ ३ ॥
है देह से यह आत्म जुदा, भेद यह समझा नहीं ।
फिर इस के पीछे आप को, बरबाद क्यों ही कर रहे ? ॥ ४ ॥
है ध्येय निज के आत्म का, लेकिन भुलायो देहने ।
कामिनी भूलाती कामी को, यही हाल अपने हो रहे ॥ ५ ॥
कामिनी मतलब की गर्जि, जानता कामी नहीं ।
शक्ति को बरबाद कर के, हाथ को फिर धो रहे ॥ ६ ॥
दिन रात कर कर के तकाजा, कार्य यह करवा रही ।
नहीं आत्महित के कार्य पर, नहीं ध्यान ही कुछ दे रहे ॥ ७ ॥
देहरूपी अस्थिपिंजर, खाक यहां हो जायगी ।
होगी दशा क्या आत्म की, बेभान इससे हो रहे ॥ ८ ॥
बेभानता सब दूर कर, जिनधर्म को ही धारकर ।
निज रूप को पहिचान लो, गुणज्ञ सव यह कर रहे ॥ ९ ॥
चिद्रूप हैं चैतन्य हैं, हम शुद्ध बुद्ध ही आतमा ।
देह तो साधन है अपनी, साध्य को क्यों खो रहे ? ॥ १० ॥
साध्य अपना मुख्य ही है, आत्म से परमात्म का ।
इसको भूलाकर व्यर्थ क्यों ?, फिर देह में आशिक हो रहे ॥ ११ ॥
है विनय यह ' राज ' अब, देह की आसक्ति तज ।
निज आत्महित को साध लो, तो जन्म सार्थक कर रहे ॥ १२ ॥

राजमल भंडारी–आगर (मालवा)

For Private And Personal Use Only

# શ્રી પ્રશ્નસિંધુ

(૭)

રચયિતા—**આ. શ્રી વિજયપદ્મસૂરિ**

( અનુસંધાન પૃષ્ઠ ૧૬૯ થી )

૮૫. પ્રશ્ન—અંતરદ્વીપના મનુષ્યોના હાથ પગ વગેરે દેહાવયવો કેવા હોય?

ઉત્તર—૧ તેઓના પગ સારી રીતે ગોઠવેલા કાચબાના જેવા સુંદર હોય છે. ૨ બંને જંઘા કુરુવિંદ નામના રત્નની માફક અથવા તે નામના ઘાસની માફક ગોળ હોય છે, તેની ઉપર ઊગેલા વાળ કોમળ ને ઝીણા હોય છે. ૩ ઢીંચણ મજબૂત સાંધાવાળા ભરાવદાર હોય છે. ૪ ને હાથીની સૂંઢ જેવા ગોળ ઉરુ હોય છે. ૫ સિંહની જેવી કટી (કેડ) હોય તેવી તેમની કેડ હોય છે. ૬ મધ્યભાગ વજ્રના જેવો ૭ ને દક્ષિણાવર્ત્તવાળો નાભિમંડલ (નાભિ) હોય છે. ૮ છાતીમાં શ્રીવત્સનું ચિહ્ન હોય, તે વિશાલ તથા માંસથી ભરેલી હોય. ૯ નગરની ભુંગળ જેવા લાંબા બાહુ. ૧૦ હાથના કાંડાં મજબૂત હોય છે. ૧૧ તેમના હાથ પગનાં તળીઆં રાતા કમળની જેવાં લાલ હોય છે. ૧૨. ચાર અંગુલ પ્રમાણ સરખી ગોળ ડોક હોય છે. ૧૩ વદન શાંત-શરદઋતુના ચંદ્રમા જેવું, ૧૪ મસ્તક છત્રના જેવું ૧૫ તથા વાળ સુંદર અને ઝીણા હોય છે. ૧૬ તથા તેઓ ૧ કમંડલુ, ૨ કલશ, ૩ યૂપ, ૪ સ્તૂપ, ૫ વાપી, ૬ મહાધ્વજ, ૭ લઘુધ્વજ, ૮ સ્વસ્તિક, ૯ જવ, ૧૦ મત્સ્ય, ૧૧ મકર, ૧૨ કાચબો, ઉત્તમ ૧૩ રથ, ૧૪ થાળ, ૧૫ અંશુક, ૧૬ અષ્ટાપદ, ૧૭ અંકુશ, ૧૮ સુપ્રતિષ્ઠક, ૧૯ મયૂર, ૨૦ શ્રીદામ, ૨૧ અભિષેક, ૨૨ તોરણ, ૨૩ પૃથ્વી, ૨૪ સમુદ્ર, ૨૫ શ્રેષ્ઠભવન, ૨૬ દર્પણ, ૨૭ પર્વત, ૨૮ હાથી, ૨૯ વૃષભ, ૩૦ સિંહ, ૩૧ છત્ર, ૩૨ ચામર—આ ઉત્તમ બત્રીશ લક્ષણને ધારણ કરનારા હોય છે. આ પ્રમાણે શ્રીપ્રજ્ઞાપના સૂત્રની ટીકાદિમાં જણાવ્યું છે.

૮૬. પ્રશ્ન—તે અંતરદ્વીપના મનુષ્યાદિનો સ્વભાવ કેવો હોય?

ઉત્તર—તેઓને ક્રોધાદિ કષાય બહુ જ પાતળા હોય છે, માટે જ કહ્યું છે કે—**प्रतनुक्रोधमानमायालोभाः** । તથા ઔત્સુક્ય ભાવ પણ ન હોય, તેમજ તેઓ નમ્ર અને સરલ હોય છે. માંહોમાંહે વૈરભાવ વિનાના હોય. આ જ કારણથી તેઓ બગાસું ખાતાં ખાતાં કે છીંક ઉધરસ આવવી વગેરે સામાન્ય દેહ-વ્યાપારથી શરીરાદિની પીડા ભોગવ્યા વિના મરણ પામી દેવગતિમાં જ જાય, પણ બીજી ગતિમાં ન જાય. કહ્યું છે કે—**संतोषिणो, निरौत्सुक्याः, मार्दवार्जवसंपन्नाः, अपगतवैरानुबंधाः ॥ स्तोककषायतया स्तोकप्रेमानुबन्धतया च ते मृत्वा दिवमुपसर्पन्ति, मरणं च तेषां जृम्भिकाकासक्षुतादिमात्रव्यापारपुरस्सरं भवति, न शरीरपीडारम्भपुरस्सरमिति** । આ ક્ષેત્રમાં મણિ, મોતી, સુવર્ણાદિ મમતાનાં સાધન હોય છતાં પણ તેમને તેની ઉપર મમત્વભાવ હોતો નથી. તથા હાથી, ઘોડા, ગાય,

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભેંસ વગેરે હોય, છતાં તે પદાર્થોનો પોતાના નિમિત્તે તેઓ વાહન વગેરે તરીકે ઉપયોગ કરતા નથી. તેમને જ્વર વગેરેના ઉપદ્રવ ને ભૂતાદિનો વળગાડ, મરકી વગેરે ઉપદ્રવો પણ નડતા નથી. તેમજ માંહોમાંહે તેઓને પ્રેષ્યપ્રેષકભાવ ( એક હુકમ કરે ને બીજો તે પ્રમાણે કાર્ય બજાવે ) ન હોય, તેથી તેઓ અહમિંદ્ર કહેવાય છે.

૮૭. પ્રશ્ન—અંતરદ્વીપના મનુષ્યોના શરીરની ઊંચાઇ કેટલી ?

ઉત્તર—તેઓના શરીરની ઊંચાઇ ૮૦૦ ધનુષ્ય પ્રમાણ જાણવી. કહ્યું છે કે—**शरीरोच्छ्रयोऽष्टौ धनुःशतानि इत्यादि.**

૮૮. પ્રશ્ન—અંતરદ્વીપના મનુષ્યોનું આયુષ્ય કેટલું હોય ?

ઉત્તર—તેમનું આયુ પલ્યોપમના અસંખ્યેય ભાગ પ્રમાણ ( અસંખ્યાતા વર્ષ ) જાણવું. કહ્યું છે કે—**तेषां पल्योपमासंख्येयभागप्रमाणमायुरिति ॥**

૮૯. પ્રશ્ન—અંતરદ્વીપના મનુષ્યો આહાર શેનો કરે ?

ઉત્તર—તેઓ કલ્પવૃક્ષનાં ફૂલ, ફલો અને ત્યાંની પૃથ્વીની માટીનો આહાર કરે છે. કહ્યું છે કે-**तेषामाहारः पृथ्वीमृत्तिका कल्पद्रुमाणां फलानि च**-આવો આહાર પણ નિરંતર ન કરે, પણ એકાંતરે કરે છે. એટલે એકેક દિવસના આંતરે તેવો આહાર કરે. કહ્યું છે કે-**चतुर्थातिक्रमे चाहारग्रहणम्**, જો કે તે ક્ષેત્રોમાં સ્વભાવે જ ડાંગર વગેરે અનાજની ઉત્પત્તિ હોય છતાં પણ તેઓ તે અનાજ ખાતા નથી. ત્યાંની પૃથ્વીની મીઠાશ સાકરની મીઠાશથી પણ અનંતગુણી હોય છે. તથા ચક્રવર્તિનાં ભોજનના સ્વાદથી પણ ચઢી જાય એવો કલ્પવૃક્ષનાં ફલોનો આસ્વાદ હોય છે. કહ્યું છે કે-**जायन्ते खलु तत्रापि विस्रसात एव शालिगोधूममाषमुद्गादीनि धान्यानि, परं न तानि ( अन्तरद्वीपगानां ) मनुष्याणामुपभोगं गच्छन्ति, या तु पृथ्वी सा शर्करातोऽप्यनन्तगुणमाधुर्या, यश्च कल्पद्रुमपुष्पफलानामास्वादः स चक्रवर्त्तिभोजनादप्यधिकगुणः ॥** આ પ્રમાણે શ્રી મલયગિરિ મહારાજે પ્રજ્ઞાપના સૂત્રની ટીકામાં જે બીના જણાવી, તેમાં પોતે સૂત્રનો સાક્ષીપાઠ આ પ્રમાણે જણાવ્યો છે.-“ **तेसि णं भंते पुप्फफलाणं केरिसए आसाए पण्णत्ते ? गोयमा ! से जहा नामए रण्णो चाउरंतस्स चक्कवट्टिस्स कल्लाणे भोयणजाए सयसहस्सनिप्फण्णे वण्णोववेए गंधोववेए रसोववेए फासोववेए आसायणिज्जे दप्पणिज्जे मयणिज्जे विंहणिज्जे सव्विंदियगायपल्हायणिज्जे आसाएणं पण्णत्ते, एत्तो वि इट्ठतराए चेव पण्णत्ते** ” इत्यादि.

૯૦. પ્રશ્ન—અંતરદ્વીપના મનુષ્યોને રહેવાનાં સ્થાન કેવા પ્રકારનાં હોય ?

ઉત્તર—તે ક્ષેત્રમાં એવા કલ્પવૃક્ષો હોય છે કે જેઓના આકાર ઘર જેવા ને સંસ્થાન મહેલ વગેરેના જેવા હોય તેમાં તેઓ રહે છે. અહીં શરીરને ઉપદ્રવ કરનારા ડાંસ, મચ્છર, જૂ, માંકડ, માખી વગેરે વિકલેંદ્રિય જીવો ઉપજતા નથી. જો કે અહીં સર્પ, સિંહ, વાઘ વગેરે હોય ખરા, પણ તે બધા મનુષ્યોને કનડગત કરતા નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેમજ માંહોમાંહે કલેશ પણ કરતા નથી. રૌદ્ર ભાવ હોય તો જ હિંસા થાય. તેવો ભાવ તેમને ક્ષેત્રના પ્રભાવે થતો જ નથી. તેઓ અંતસમયે યુગળિકને જન્મ આપે, તેની ૭૯ દિવસ પાલના કરે વગેરે બીના શ્રી ક્ષેત્રસમાસ ટીકાદિમાં જણાવી છે.

૯૧. પ્રશ્ન—નંદીશ્વરદ્વીપનો અર્થ શો ?

ઉત્તર—નંદી એટલે સમૃદ્ધિ, તેની વૃદ્ધિવાળો જે દ્વીપ તે નંદીશ્વર દ્વીપ કહેવાય. એટલે વિશેષ ( અધિક ) સમૃદ્ધિને ધારણ કરનાર જે દ્વીપ તે નંદીશ્વર દ્વીપ કહેવાય. કહ્યું છે કે—**एवं नन्द्या समृद्धयाऽसावीश्वरः स्फातिमानिति ॥ नंदीश्वर इति ख्यातो द्वीपोऽयं सार्थकाभिधः ॥ १४ ॥** સર્ગ ૨૪ મો લોકપ્રકાશમાં ઉપાધ્યાય શ્રી વિનયવિજયજીએ આ વ્યુત્પત્તિ જણાવી છે. શ્રી જિનેશ્વર દેવોનાં જન્માદિ કલ્યાણકોમાં અહીં ચોસઠ ઇંદ્રો અષ્ટાહ્નિકા મહોત્સવ પરમ ઉલ્લાસથી કરે છે. આવો બનાવ બીજા દ્વીપોમાં થતો નથી, તેથી બીજા દ્વીપોની અપેક્ષાએ આ દ્વીપ વિશેષ સમૃદ્ધિવાળો ગણાય છે. જંબૂદ્વીપ, ધાતકીખંડ, પુષ્કરવરદ્વીપ આ ક્રમે આ દ્વીપ આઠમો કહ્યો છે. ૯૧

૯૨. પ્રશ્ન—કયા દેવો નંદીશ્વરદ્વીપનું અધિપતિપણું ભોગવે છે ?

ઉત્તર—આકાશના અધિપતિ જેમ સૂર્ય ચંદ્ર છે, તેમ આ નંદીશ્વરદ્વીપના અધિપતિ બે દેવો છે. તેના નામ ૧. કૈલાસ. ૨. હરિવાહન જાણવા. કહ્યું છે કે—**इहत्यमाधिपत्यं द्वौ कैलासहरिवाहनौ ॥ धत्तः समृद्धौ देवौ द्योः, सूर्यचन्द्रमसाविव ॥ १३ ॥** લોકપ્રકાશ. સર્ગ ૨૪ મો.

૯૩. પ્રશ્ન—નંદીશ્વરદ્વીપનો વલયાકારે કેટલા યોજનનો વિસ્તાર હોય છે ?

ઉત્તર—એક સો ત્રેસઠ ક્રોડ ( ૧૬૩ ક્રોડ ), ૮૪ લાખ યોજન પ્રમાણ વિસ્તાર એટલે વલયાકારે ( ગોળાકારે ) નંદીશ્વરદ્વીપનો વિસ્તાર કહ્યો છે. કહ્યું છે કે—**त्रिषष्ठ्या कोटिभिर्युक्तमेकं कोटिशतं किल ॥ लक्षैश्चतुरशीत्याढ्यमेतद्वलयविस्तृतिः ॥ १५ ॥**

૯૪. પ્રશ્ન—નૈયાયિક વગેરે શબ્દને આકાશનો ગુણ માને છે, ને જૈનો શબ્દને પૌદ્ગલિક માને છે તેમાં સત્ય શું ?

ઉત્તર—શબ્દ રૂપી છે એટલે તેમાં વર્ણાદિ રહેલા છે, અને આકાશ અરૂપી હોવાથી તેમાં વર્ણાદિ રહેલા નથી. જે જેનો ગુણ હોય તે તેને અનુસરતા ધર્મવાળો હોવો જોઈએ. જેમ ચૈતન્ય એ આત્માનો ગુણ છે તો તે અરૂપી છે, ને આત્મા પણ અરૂપી છે. ગુણી ( આકાશ વગેરે ) અરૂપી હોય ને તેના ગુણ રૂપી હોય એવું હોય જ નહિ. આકાશ અને શબ્દમાં એ જ વિરોધ રહેલો છે, કારણ કે શબ્દ રૂપી છે અને આકાશ અરૂપી છે. જો શબ્દ આકાશનો ગુણ હોય તો ફોનોગ્રાફમાં શબ્દ પકડાય છે માટે શબ્દ એ આકાશનો ગુણ નથી પણ પૌદ્ગલિક પદાર્થ છે, એમ જૈનો જે માને છે તે વ્યાજબી છે. તથા ઢોલ વગેરે વાજિત્ર વગાડીએ ત્યારે નીચેની ભૂમિમાં જે કંપ થાય છે, જોરથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વગાડેલા શંખના શબ્દો કાનને બ્હેરા બનાવી દે છે: આ બંને હકીકત શબ્દના પૌદ્ગલિકપણાને સાબિત કરે છે. તેમજ પત્થરની માફક શબ્દ પણ અભિઘાત પ્રતિઘાતને પામે છે, શબ્દનો પડઘો પડે છે. આથી પણ શબ્દ એ પૌદ્ગલિક જ પદાર્થ છે, પણ આકાશનો ગુણ નથી એમ સાબિત થાય છે. વળી શબ્દ એ તડકાની માફક જ્યાં ત્યાં જઇ શકે, ધૂપની માફક ફેલાય, વાયુથી તણખલાં વગેરેની માફક પ્રેરાય, દીવાના તેજની માફક સર્વ દિશામાં પ્રસરી જાય, એ પણ શબ્દ પૌદ્ગલિક હોય તો જ બની શકે. જેમ સૂર્યના તેજની આગળ તારા વગેરેનો પ્રકાશ દબાઈ જાય તેમ બીજા ઊંચ સ્વરે બોલાયેલા શબ્દની આગળ ધીમેથી બોલાયેલા શબ્દો દબાઇ જાય છે, તે પણ શબ્દનું પૌદ્ગલિકપણું સિદ્ધ કરે છે. પ્રભુ શ્રી તીર્થંકર દેવનો જન્મ થાય ત્યારે પદાતિ સેનાધિપતિ હરિણગમેષી વગેરે સુઘોષા આદિ ઘંટાઓ વગાડે, તેના શબ્દો ઘણે દૂર રહેલી બીજી ઘંટાઓમાં ઊતરે, તેથી જન્મ કલ્યાણકને જાણનારા દેવો વગેરે ઇંદ્રના આદેશ પ્રમાણે જન્મોત્સવ કરવા તૈયાર થાય. એથી પણ સમજાય છે કે શબ્દ એ પૌદ્ગલિક પદાર્થ છે, પણ આકાશનો ગુણ હોઇ શકે જ નહિ. ૯૪.

૯૫. પ્રશ્ન—કર્મ અને જીવનો સંયોગ અનાદિ છે, તો પછી તેનો વિયોગ કઇ રીતે થઇ શકે ?

ઉત્તર—જેમ ખાણમાં રહેલ સોનું અને માટીનો સંયોગ અનાદિ છે, છતાં અગ્નિ આદિના નિમિત્તે માટીથી સોનું જૂદું પાડી શકાય છે તેમ નિર્મલ જ્ઞાનાદિની આરાધનાથી આત્મા કર્મને અલગ કરી શકે છે. માટી સમાન કર્મ, સોનાના જેવો આત્મા, માટી અને સુવર્ણના સંયોગ જેવો જીવ કર્મનો સંયોગ, અગ્નિના જેવી જ્ઞાનાદિની આરાધના જાણવી. આ બાબત વિશેષાવશ્યકમાં કહ્યું છે કે-
**जह इहय कंचणोवलसंजोगोऽणाइसंतइगओऽवि ॥ वुच्छिज्जइ सोवायं, तह जोगो जीवकम्माणं ॥ १ ॥**

૯૬. પ્રશ્ન—સ્ત્યાનર્દ્ધિનિદ્રાના ઉદયવાળા જીવોને વાસુદેવના બલથી અડધું બલ હોય, એમ "**दिणचिंतिअत्थकरणी थिणद्धी अद्धचक्किअद्धबला**" આ વચનથી જણાય છે. અહીં જણાવેલું બલ કયા સંઘયણવાળા જીવોને હોય ?

ઉત્તર—છ સંઘયણમાંના પહેલા વજ્રઋષભનારાચ સંઘયણવાળા જીવને જ સ્ત્યાનર્દ્ધિનિદ્રાનો ઉદય હોય ત્યારે વાસુદેવના બલથી અર્ધું બલ હોય, એમ સમજવું. બીજાઓને સામાન્ય લોકના બલથી બમણું, ત્રણગણું કે ચારગણું બલ સ્ત્યાનર્દ્ધિનિદ્રાના ઉદયકાલમાં હોય, એમ અનેક આગમ ગ્રંથોની ઉપર ચૂર્ણિઓ બનાવનાર શ્રી જિનદાસ ગણિ મહત્તરે નિશીથસૂત્રની ચૂર્ણિની પીઠિકામાં તથા શ્રી બૃહત્કલ્પસૂત્રના ત્રીજા ખંડમાં જણાવ્યું છે. આથી એમ સમજાય છે કે-વાસુદેવના બલથી અર્ધું બલ વજ્રર્ષભનારાચ સંઘયણવાળાને તે નિદ્રાના ઉદય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કાળમાં હોય. બીજાઓને તે નિદ્રાના ઉદયકાળમાં સામાન્ય મનુષ્ય કરતાં બમણું, ત્રમણું અથવા ચોગણું હોય. પણ શ્રી જીતકલ્પસૂત્રની ટીકામાં કહ્યું છે કે-આ સ્ત્યાનર્દ્ધિનિદ્રાનો ઉદય પહેલા સંઘયણવાળા જીવને જ હોય. જ્યારે તેને તે નિદ્રાનો ઉદય ન હોય ત્યારે બાકીના પુરુષોના બલ કરતાં ત્રમણું, ચોગણું બળ હોય છે. અહીં પહેલા સંઘયણ સિવાયના સંઘયણવાળા જીવોને સ્ત્યાનર્દ્ધિનિદ્રાનો ઉદય ન હોય એમ જણાવ્યું. આ બે વિચારમાં ખરું તત્ત્વ શું છે તે કેવલિ ભગવંત જાણે.

૯૭. પ્રશ્ન—બદ્ધ કર્મનું સ્વરૂપ શું ?

ઉત્તર—જેમ સૂચી(સોય)નો સમુદાય દોરીથી બાંધ્યો હોય ત્યારે તે સૂચીઓનો માંહોમાંહે જેવો સામાન્ય સંબંધ હોય તેવાં જે કર્મો મિથ્યાત્વાદિ હેતુઓથી બંધાય તે બદ્ધકર્મ કહેવાય, એમ શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર ટીકાદિમાં જણાવ્યું છે.

૯૮. પ્રશ્ન—સ્પૃષ્ટકર્મનું સ્વરૂપ શું ?

ઉત્તર—ભેગી કરેલી સોયો કાટને લઈને માંહોમાંહે ચોંટી ગઇ હોય, આના જેવાં જે કર્મો બંધાય, તે સ્પૃષ્ટ કર્મ કહેવાય. કહ્યું છે કે-**स्पृष्टं यथा सूचिकास्ताः किट्टेनैकत्वमाश्रिताः ॥** અહીં કિટ્ટ એટલે કાટ અર્થ સમજવો.

૯૯. પ્રશ્ન—નિધત્ત કર્મનું સ્વરૂપ શું ?

ઉત્તર—સોયોને હથોડાથી ટીપીને માંહોમાંહે સંબંધ થતાં જેવી સ્થિતિ હોય, તેવી સ્થિતિનાં કર્મો નિધત્ત કહેવાય.

૧૦૦. પ્રશ્ન—નિકાચિત કર્મનું સ્વરૂપ શું ?

ઉત્તર—સોયોને ગાળીને એક રસ કરી ગોળારૂપે બનાવી હોય, તેના જેવાં જે કર્મો રાચીમાચીને બહુ જ મજબૂત બાંધ્યાં હોય, તે નિકાચિત કર્મ કહેવાય. કહ્યું છે કે-**निकाचितं तु यत्कर्म जीवैः सुदृढबंधनात् ॥ उदयेनैव तत्प्रायो वेद्यते नान्यथा पुनः ॥ १ ॥** એમ શ્રી ઉત્તરાધ્યયનસૂત્રાદિની ટીકામાં જણાવ્યું છે.

૧૦૧ પ્રશ્ન—જેમ પુદ્ગલસ્કંધના પરમાણુ કહ્યા છે, તેમ આત્મપ્રદેશોના પરમાણુ કેમ ન કહ્યા ?

ઉત્તર—જેમ પુદ્ગલસ્કંધમાંથી એક પ્રદેશ છૂટો થઇ શકે, તેમ આત્માનો એક પ્રદેશ (પરમાણુ) છૂટો પડે જ નહિ, માટે આત્માના સ્કંધ, દેશ ને પ્રદેશ જણાવ્યા છે, પણ પરમાણુ કહ્યા નથી.

૧૦૨ પ્રશ્ન—પ્રદેશ અને પરમાણુમાં કંઈ તફાવત ખરો કે બંને સરખા હોય ?

ઉત્તર—સ્કંધની સાથે સંબદ્ધ (ચોંટેલાં) જે પરમાણુ તે પ્રદેશ કહેવાય, એટલે જ્યાંસુધી તે સ્કંધની સાથે સંબદ્ધ રહે ત્યાં સુધી પ્રદેશ કહેવાય, અને જે પ્રદેશ સ્કંધથી છૂટો પડ્યો તે પરમાણુ કહેવાય. આ રીતે બંનેનું સ્વરૂપ સરખું છે. પ્રદેશ શબ્દ સાંભળતાંની સાથે જ પૂછવાનું મન થાય છે કે એ પ્રદેશ કોનો છે ? જવાબમાં સ્કંધનો પ્રદેશ છે એમ જાણવાનું મળે છે. આથી જ સાબિત થાય છે કે-પરમાણુ જો સ્કંધની સાથે સંબદ્ધ હોય તો તે પ્રદેશ કહેવાય. પરમાણુની બાબતમાં તેવો પ્રશ્ન થતો નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વીરવિલાસ

(૧૫[1])

**[2]શેંવશ સુખમાં સ્વામી ન સાંભર્યા રે, તેણે હું રઝળ્યો કાળ અનંત;**
**મલિન રતન નહીં તેજ ઝગંત, ન્હવણની પૂજા રે નિરમળ આત્મા રે.**

આ પાદના પ્રથમ વિભાગમાં ભારે ચમત્કારિક વાત કહી નાખી છે. 'શેંવશ' એટલે સાતાવશ, સાતાવેદનીયને તાબે, આધીન થઈ.-મતલબ એ છે કે—આ પ્રાણી સાતાને એટલો બધો આધીન થઈ જાય છે કે એને પ્રભુ યાદ આવતા નથી, એને પ્રભુ-સ્મરણ ઘટતું ઘટતું નહિવત્ થઈ જાય છે અને જે શુભ કર્મના પ્રતાપે તે સુખ સૌભાગ્ય સમૃદ્ધિ પામેલ હોય છે તેને વીસરી જઈ એ બાહ્ય વિષયમાં સર્વસ્વ માની બેસી અનંત પરિચક્રીના આવર્તોમાં ઘસડાઇ ચકડોળે ચઢી જાય છે. જેના પ્રતાપે આ ધન-ધાન્ય, પુત્ર-પુત્રોપરિવાર મળ્યા, જેના યોગથી નામના, આબરૂ અને પ્રતિષ્ઠા મળ્યા, એને ભૂલી જઇને ધન કે સહયોગથી એનો જ નાશ કરવાની સ્થિતિ પ્રાણી જમાવે છે. એક વાર્તિકમાં જણાવ્યું છે કે 'ધર્મથી જ ઐશ્વર્ય મેળવે છે અને એ ઐશ્વર્યથી જ ધર્મનો નાશ કરે એવા સ્વામીદ્રોહના પાતકીને સારાં વાનાં કેમ પ્રાપ્ત થાય?' આ વાત ખૂબ વિચારવા જેવી છે. સારો વખત આવ્યો કે ઇંદ્રિયભોગની સામગ્રી મળી, તેની પાછળ કારણ તરીકે ધર્મ કે શુભ ક્રિયા છે અને એ જ ધર્મનો નાશ જો ઇંદ્રિયભોગથી થાય તો તો સ્વામી-દ્રોહનું પાપ બરાબર લાગે. અને છતાં વિચારપૂર્વક અવલોકન કરવામાં આવશે તો જણાશે કે-આ સ્થિતિ ચાલુ છે, વિષયસુખ ધર્મ કે શુભ કર્મથી મળે છતાં એ વિષયમાં પ્રાણી પડી જાય ત્યારે ધર્મ સાંભરે પણ નહિ એ તો ભારે મૂર્ખતાની વાત કહેવાય. પણ આપણા અનુભવથી ચારે પાસ અવલોકીએ તો તે વાત સાચી લાગ્યા વગર રહે તેવું નથી.

આપણામાં કહેવત છે કે 'સુખે સાંભરે સોની અને દુઃખે સાંભરે રામ' એટલે માણસ સુખમાં હોય ત્યારે પોતા માટે કે બૈરી છોકરાં માટે કેવાં નવાં ઘરેણાં ઘડાવવાં, તેના ઘાટ કેવા કરવા, તેમાં હીરા ને મોતી ક્યાં અને કેટલાં મૂકાવવાં અને એને આકર્ષક કઇ રીતે બનાવવાં એના વિવિધ વિચાર કરે છે, સોનીને નવા ઓર્ડરો આપે છે, અને ઘરમાં તે બાબતની ચર્ચા કરે છે, તેની ગોઠવણ કરે છે, તે માટે અનેકને પૂછે છે, કઇકના નમૂના મેળવે છે અને તે ખાતર વારંવાર આંટા ખાય છે. અને સોની શબ્દ સાથે ઘરનો રંગ, ફર્નિચરની જાત, ગાલિચાની ભાત અને ઉપસ્કરની યોજના વગેરે અનેક બાહ્ય શોભાનો સમાવેશ થાય છે. લડાઇને અંગે કમાણી કરનારનો વિચાર પ્રથમ દેશમાં સારું ઘર બાંધવાનો થાય છે, સારાં કપડાં વસાવવાનો ખ્યાલ આવે છે, અત્તર તેલ વસાવવાના કપાટ ઘડાવાય છે અને દરરોજ નવી નવી રસોઇ તૈયાર કરાવવાના કોડ જાગે છે. આવી અનેક બાબતો 'સોની' શબ્દના

---

૧. વીર વિલાસ નામક લેખમાળાનો આ ૧૫ મો લેખાંક છે. દરેક લેખ સ્વતંત્ર હોઇ આગળના લેખના અનુસંધાન વગર વાંચી શકાય તેવી ગોઠવણ છે.

૨. ચોસઠ પ્રકારી પૂજા પૈકી ત્રીજા દિવસની વેદનીય કર્મની પૂજા પૈકી પ્રથમ ન્હવણ પૂજાની પાંચમી ગાથા છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અંતરમાં સમાયલી છે. અને પ્રાણીને બાહ્યવૃત્તિ જાગી કે વિકાસ પામી એટલે માથું ઓળવાના દાંતીઆથી માંડીને સાબુ, કપડાં, અભ્યંગનના પદાર્થો, ઇસ્ત્રીટાઇટ કપડાં, છેલ્લામાં છેલ્લી ઢબના ફર્નિચર અને સિનેમાના દર્શન આદિ અનેક બાબતો ઉત્તરોત્તર દાખલ થતી જાય છે. પરભાવમાં રમણ કરવાની લાલસા એટલી વધતી જાય છે કે એનો છેડો આવતો નથી અને એ કદી તૃપ્ત થતી નથી. એવા સુખના સમયમાં એ વસ્તુને મેળવી આપનાર ધર્મ યાદ આવતો નથી, એના સ્વામી પરમાત્માનું સ્મરણ થતું નથી, જીવનનો ઉદ્દેશ શો છે તેનો ખ્યાલ આવતો નથી અને ધરતી પર પગ મૂકવાનું મન થતું નથી.

વિષયસુખમાં સ્વામી–પ્રભુ–આદર્શ કદી યાદ આવતા નથી, એ સ્થિતિ પ્રાપ્તવ્ય છે એનો ખ્યાલ પણ રહેતો નથી અને ભરદરિયે વહાણને છોડી મૂકનાર અનુકૂળ પવન થવાને કારણે લાખો કરોડો મેળવે ત્યારે એ પવન અનુકૂળ કયાં કારણે થયો એ વાત તદ્દન વિસરી જાઇ, એમાં પોતાના સમવયસ્ક કે વધારે આવડતવાળા રહી ગયા અને પોતે ફાવી ગયો, એમાં એ સ્વગૌરવ ધરાવતો થઇ જાય છે અને પરમાત્માને ભૂલી જાય છે. પૂર્વના શુભ કર્મને પરિણામે કે અંતરાય કર્મના ક્ષયોપશમથી લાભ થયો છે એ વાત એ જાણતો નથી અને કોઈ સમજુ તે બાબત પર તેનું ધ્યાન ખેંચે તો તે વાતને લક્ષ્યમાં પણ લેતો નથી.

પછી લક્ષ્મીના પગ ઓસરવા માંડે, લડાઇના નફાને સ્થાને ખાડા પડતા જાય, એકસેસ પ્રોફિટ ટેક્સ કે ઇન્કમટેક્સ, સુપરટેક્ષ કે સરચાર્જની નોટિસો આવવા લાગે, વેપારમાં નુકસાની આવે, ભાગીદારીઓ તૂટવા માંડે ત્યારે પાછો એ વિચારમાં પડી જાય છે અને પરમાત્માને કે ભગવાનને યાદ કરવા લાગે છે. બાકી જ્યાં સુધી બે છક બારમાં હોય ત્યાં સુધી પુણ્યાનુબંધી પુણ્યશાળી સિવાય કોઇને પ્રભુનું નામ યાદ આવતું નથી.

દેવતાઓને અપરંપાર સુખ હોય છે. પૈસા કમાવાની ધમાલ નહિ, વેપારના તોટાનો ખ્યાલ નહિ, સટ્ટા બજાર નહિ, રેસીસ કે જુગારખાના નહિ હોવાને કારણે ભવ્ય ચાલુ આનંદમાં વિલાસ કરતાં અને નાટકો નિહાળતાં દેવોને ભાગ્યે જ સ્વામી સાંભરે છે. અંતે જ્યારે માળા કરમાવા માંડે અને મરણસમય નજીક આવે ત્યારે છેલ્લા છ માસમાં એને જે દુઃખ, વિષાદ અને દિલગીરી થાય છે તે એવી આકરી હોય છે કે આખા ભવમાં ભોગવેલ સુખોને વિસરાવી દઇ, દુઃખનો દાવાનળ ખડો કરી દે છે. વાત એ છે કે–વિષયસુખમાં રાચી રહેલા પ્રાણીને સ્વામી સાંભરતા નથી, અંદર બેઠેલ અનંત ગુણના ધણીની ઓળખાણ પડતી નથી, ખરા સાચા સુખની પિછાણ થતી નથી અને બાહ્ય દૃષ્ટિએ તાત્કાલિક સુખમાં સર્વસ્વ માની એ જરા જરા ભોગવે ત્યાં તો ડાબા અને જમણા તમાચા પડવા માંડે છે અને અંતે એ હારી બેસે છે, ગાંડો ઘેલો થઇ જાય છે, આપઘાત કરવા સુધીના સંકલ્પો કરી વળે છે અને એ રીતે પોતાનો આખો વિકાસમાર્ગ બગાડી હાથે કરીને અધઃપાત વહોરી લે છે.

એક જાણીતું વાર્તિક છે કે '**विपदः सन्तु नः शश्वद् यत्र तत्र जगद्गुरो !।** હે મહારાજ ! ગુરુદેવ ! વિપત્ત હોય ત્યાં આપ હાજરાહજુર હો છો, તેથી અમને તો સર્વદા વિપત્તિ જ હો.' આ ઉલ્લેખમાં ઘણો તથ્યાંશ છે. પ્રાણી જ્યારે આપત્તિમાં હોય છે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્યારે તો ભગવાનનો, સંસારનો, આત્માનો, પોતાનો અને કારણોનો જરૂર વિચાર કરે છે. એ હાલતાંચાલતાં પણ ભગવાનનું નામ લે છે, એના નિસાસામાં પણ 'પ્રભુ' કે 'રામ' 'શાંતિનાથ' કે 'મહાવીરદાદા' રમતા દેખાય છે; પણ એને ત્યાં છપ્પન ઉપર ભુંગળ વાગતી હોય ત્યારે એનું ચિત્ત પ્રભુપરાયણ રહે એ ઘણું મુશ્કેલ છે; એ અશક્ય નથી, પણ લગભગ અશક્ય જેવું છે. નાચરંગ, જલસા, રાસ અને તાલસુરના મામલાની વચ્ચે ભગવાનને શોધવા મુશ્કેલ તો જરૂર પડે. આ વાત સામાન્ય રીતે ખરી છે અને ખરી છે તેટલા માટે શિક્ષણીય છે, બોધનીય છે, વિચારમાં નાખી દે તેવી છે.

આવી પરિસ્થિતિને કારણે પ્રાણી અનાદિ કાળથી સંસારમાં રખડયા કરે છે. ધર્મથી ઐશ્વર્ય મેળવે, ઐશ્વર્યને પરિણામે એશઆરામી થઈ જાય, એશઆરામમાંથી ઇંદ્રિયના વિષયોમાં ઊતરી જાય, વિષયોથી કર્મમેલ વધતો જાય, મેલ વધે એમ ભારે થતો જાય અને ભારે થવાને પરિણામે નીચે બેસતો જાય. આવી રીતે શુભ કર્મથી મેળવેલ 'માયા'ને પરિણામે એ નુકસાની ભોગવે, નીચો પડી જાય અને અનંત સંસારમાં રગદોળાતો જાય.

અને વાત ખરી છે કે રત્ન–હીરો, ગમે તેવો તેજવંત હોય, એની ઝળકવાની શક્તિ ગમે તેટલી તીવ્ર હોય, પણ એના ઉપર મેલના થરના થર બાઝે તો એ ઝળકાટ બતાવી શકતો નથી, એનું તેજ પ્રકાશ આપી શકતું નથી અને એનું મૂલ્ય પ્રકટ થતું નથી. અંદરના તેજને બહાર લાવવાની જરૂર છે. વિષય કષાયથી તેજ માર્યું જાય છે તે વાત ચોખવટથી સમજવા યોગ્ય છે. સારી સ્થિતિવાળાને આખો વિકાસમાર્ગ ડોળાઇ જવાનો ઘણો સંભવ છે એ વાત સમજવા યોગ્ય છે. જેમ રાજેસરી નરકેસરી કહેવાય છે તેમજ ધનધાન્ય–સમૃદ્ધિમાં આસક્ત થયેલાને સ્વર્ગની પ્રાપ્તિ અતિ મુશ્કેલ છે. એને પ્રભુસ્મરણ માટે અતિ ઓછો અવકાશ છે, એને ચિદાનંદને ધ્યાવવાના અતિ વિરલ પ્રસંગો છે, એને ચેતનરામને ઓળખવાનાં બહુ અલ્પ સાધનો છે અને એને નીચે ઊતરી જવાના ઘણા સંભવો છે. અનંતકાળ વધારે રઝળવાનાં કારણો સમજી વિષયસુખને અસ્વીકારનાર, પ્રાપ્ત થઇ જાય તો તેમાં આસક્તિ ન કરનાર અને સ્વપરને ઓળખી પરભાવ ત્યાગ કરનાર વિરલ મનુષ્યોની વાત ન કરતાં સામાન્ય જનતા માટે આ વિષયસુખની સાથે સ્વામીના વિસારે પડી જવાની વાત ખૂબ વિચારવા યોગ્ય છે અને સમજીને ગભરાઇ ન જતાં એના ઉપાયો સમજી, સ્વીકારી આદરવા યોગ્ય છે.

માટે સાતાવેદનીયનો ઉદય થાય ત્યારે વધારે ચેતવાની જરૂર છે. એને વશ પડી ટૂંકી નજરે એમાં ફસાઇ ગયા કે એમાં તન્મય થઇ ગયા તો આખો વિકાસમાર્ગ બગડી જાય કે ડોળાઇ જાય તેમ છે, માટે સાતાને બરાબર ઓળખી, પ્રગતિ સાધવામાં તેનો શુભોપયોગ કરવા જેવો છે, તેનો લાભ લઇ અનેક કાર્ય કરવા જેવાં છે, તેનાથી ત્યાગને માર્ગે પ્રગતિ કરવા યોગ્ય છે અને તેને સર્વ આકારમાં સમજી તેનો લાભ લેવા યોગ્ય છે. મહાત્મા ક્રાઇસ્ટે એક જગ્યાએ કહ્યું છે કે–" "It is easier for a camel to pass through the eye of a needle than for a rich man to enter the kingdom of heaven. " ( ધનવાન માણસે પ્રભુદ્વારા સ્વર્ગમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્મશાનભૂમિ એક શિક્ષણશાળા છે.

અનેક મનુષ્યો અનેક પ્રસંગે શ્મશાનભૂમિએ જાય છે અને ત્યાં ઓછો વધતો વખત વ્યતીત કરી પાછા ઘેર આવે છે. તેમાં કેટલાક અમુક પ્રકારનું શિક્ષણ લઈને આવે છે, કેટલાક તેથી જુદા પ્રકારનું શિક્ષણ લઇને આવે છે અને કેટલાક જેવા ગયા હતા તેવા પાછા આવે છે. આ શિક્ષણ આપનાર પરલોકગામી મૃતક છે. તે મૂંગી રીતે શિક્ષણ આપે છે. આ શિક્ષણનો ઉચ્ચાર મનુષ્યો જુદી જુદી રીતે કરે છે.

કેટલાક કહે છે કે-આ પરલોકગામી મનુષ્ય ભલો હતો, પરદુઃખભંજક હતો, અન્યને દુ:ખી જોઇને દુ:ખી થનારો હતો અને અન્યના દુ:ખ નિવારણ માટે બનતો પ્રયાસ કરનારો હતો. એણે લક્ષ્મીને અસ્થિર માની હતી અને તેથી તેનો ઉપયોગ પરોપકારમાં કરતો હતો. આવા એક મનુષ્યના ઉચ્ચારણને બીજાઓ પણ અનુસરે છે અને તેની વાતને પુષ્ટિ આપે છે.

કેટલાક બીજા પરલોકગામી મનુષ્યના દેહને જોઇને કહે છે કે-આ માણસ બહુ નાદાન હતો, દુરાચારી હતો અને અન્યને કષ્ટમાં નાખનારો હતો. પાપજનક કાર્યમાં મશગૂલ રહેનારો હતો, પરોપકારનું તો તેને સ્મરણ જ નહોતું. આવા મનુષ્યો આ જગતમાં જન્મીને લાવેલી પૂંજીનો નિરર્થક વ્યય કરી નવું પેદા કર્યા વિના ખાલી હાથે ચાલ્યા જાય છે. આ પ્રમાણે કહેનારને પણ કેટલાક મનુષ્યો પુષ્ટિ આપે છે અને એવા દોષિત મનુષ્યોને પણ હૃદયથી ધિક્કાર આપે છે.

કેટલાક મનુષ્યો પરલોકગામીના દેહને જોઇને કહે છે કે-આ માણસ તદ્દન સાદો હતો, સદાચારી હતો, પોતાના કાર્યમાં સાવધાન હતો, અન્ય કોઇને ઉપાધિ કરતો ન હતો તેમજ પોતાની પાસે દ્રવ્ય ન હોવાથી ભલે હૃદય આર્દ્ર હોવા છતાં પરોપકારી કાર્ય કરી શકતો નહોતો. આવા મનુષ્યોને દ્રવ્યાદિકનું સાધન મળી જાય તો જરૂર પરોપકાર કરી પોતાના આત્માને નિર્મળ કરે છે.

આમ શ્મશાનરૂપી શિક્ષણશાળામાં આવનારા મનુષ્યો પોતાની બુદ્ધિના પ્રમાણમાં જુદા જુદા પ્રમાણનું શિક્ષણ લઇ જાય છે.

કેટલાક તો આપણે શ્મશાનમાં આવ્યા છીએ તેમનો વિચાર કર્યા વિના અને એક વખત પોતાની પણ આવી અણધારી સ્થિતિ બનવાની છે તેવું જાણ્યા છતાં અનેક પ્રકારના ગપ્પાસપ્પા મારે છે અને મળેલા અમૂલ્ય વખતને નકામો ગુમાવે છે. આ શિક્ષણના સંબંધમાં મહાપુરુષોએ ઘણું લખ્યું છે. અહીં તો તેનો ટૂંકો સાર જ આપીને સંતોષ માનવામાં આવે છે.

કુંવરજી

---

પેસવું તેના કરતાં ઊંટે સોયના કાણામાંથી પસાર થઇ જવું વધારે સહેલું છે.) આ ઉક્તિનું રહસ્ય વિચારવામાં આવશે તો ઉપર જણાવેલા આખા વિલાસનો સાર સમજવામાં આવી જશે. જીવન એ તો મોટા કોયડો છે: એ છોડતાં આવડે એની બલિહારી છે. પણ એ છોડવો અશક્ય નથી. એની ચાવી સ્વપરવિવેચન છે અને એની સિદ્ધિમાં રત્નની મલિનતા દૂર થતી જાય છે. **પણ ખોજી હોય સો પાવે !**

મૌક્તિક



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# નેકી, દયા ને સંપ

મહમદ પેગંબરે પોતાની અંતાવસ્થાએ પોતાના સેવકો–માનવાવાળાઓને છેવટનો સંદેશો આપ્યો કે–જો તમે તમારા આત્માનું હિત ઈચ્છતા હો તો નેકી, દયા ને સંપ એ ત્રણનું જરૂર પાલન કરજો. તે સિવાય તમારા આત્માનું હિત થઈ શકશે નહીં. નેકી એટલે ન્યાયી પ્રવૃત્તિ. કોઇને પણ અન્યાય ન કરવો, પોતે ન્યાયથી વર્તવું; ન્યાયી મનુષ્યનો સત્કાર કરવો, સર્વને ન્યાયી થવાનું શિક્ષણ આપવું. આ પ્રથમ શબ્દનો અર્થ છે. બીજો શબ્દ દયા છે. દરેક જીવ ઉપર દયા રાખજો. કોઈનું પણ અહિત ન કરજો–કોઇના પ્રાણનો વિનાશ ન કરશો. સર્વ જીવને પોતાના સમાન જાણજો. તમને કોઇ સતાવે ને જેવું દુઃખ થાય તેવું જ સર્વ જીવોને થાય છે, માટે બીજા કોઇ પણ જીવને દુઃખ ન આપશો. કોઇનું અહિત ન કરશો. આ મારું ખાસ ફરમાન છે. જે મનુષ્ય પારકું અહિત કરે છે તે મારો સેવક નથી એમ હું કહું છું. આ વાત ખાસ ધ્યાનમાં રાખશો. ત્રીજો શબ્દ સંપ રાખવાનો છે. તમે મનુષ્ય જાતિ પરસ્પર સંપથી વર્તશો. કુસંપથી અનેક રાજાઓના રાજ્ય ગયા છે, પાયમાલ થયા છે, કુટુંબો નાશ પામ્યા છે, જ્ઞાતિઓ વિનાશ પામી છે. સંપ છે ત્યાં જ જંપ છે. અન્ય ધર્મો સાથે કે અન્ય કોમની પ્રજા સાથે વિચારો ન મળવાને કારણે પણ કુસંપ ન કરશો. સંપીને રહેતા શીખજો ને સંપીને રહેશો. સંપ એક અમૂલું રત્ન છે.

ઉપર જણાવેલા ત્રણ શબ્દોનું જે પાલન કરશે તેને જ હું મારા સેવકો સમજીશ. મને એ ત્રણ વસ્તુ અત્યંત પ્રિય છે. એ ત્રણે વસ્તુ અમૂલ્ય રહસ્યથી ભરેલી છે. એના સેવનથી પારાવાર લાભ થાય છે એ વાત અનુભવસિદ્ધ છે. આ મારી છેવટની શિખામણ છે તે તમારા હૃદયમાં કોરી રાખજો. કુંવરજી

## ....ભૂલનો સુધારો...

૧. ફાગણના અંકમાં પૃષ્ઠ ૧૫૫ પર પંક્તિ ૩૧ માં ગૌતમસ્વામીનો કેવલીપર્યાય આઠ વર્ષનો જણાવ્યો છે તે બાર વર્ષ સમજવો.

૨. ચૈત્ર માસના પ્રશ્નોત્તરમાં-પ્રશ્ન છઠ્ઠાના ઉત્તરમાં થીણદ્ધિ નિદ્રાના ઉદયવાળો પ્રથમ ગુણસ્થાનકે જાય છે તેમ જણાવ્યું છે, પરન્તુ થીણદ્ધિત્રિકનો ઉદય છઠ્ઠા ગુણસ્થાનક સુધી જાણવો.

૩. પ્રશ્ન ૧૦ માના ઉત્તરમાં પુણિયા શ્રાવકને દૌર્ભાગ્યનો ઉદય જણાવ્યો છે તે ભૂલ છે, કારણ કે તે પાંચમા ગુણસ્થાનકે હોવાથી ત્યાં દૌર્ભાગ્યત્રિકનો ઉદય હોતો નથી; લાભાંતરાયનો ઉદય કહી શકાય.

૪. પ્રશ્ન બારમાના ઉત્તરમાં આપઘાત કરનારને ઉપઘાતનામકર્મનો ઉદય ન હોય તેમ જણાવ્યું છે, પરન્તુ વિચાર કરતાં આપઘાતની ઇચ્છા ઉપઘાતનામકર્મના ઉદયને લીધે જ થાય છે એમ લાગે છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# प्रश्नोत्तर

( પ્રશ્નકાર-માસ્તર એમ. બી. ગાંધી-બેંગલોર સિટી )

**પ્રશ્ન** ૧—જિન અને જિનશાસન શબ્દનો અર્થ શું ?

**ઉત્તર**—રાગ દ્વેષાદિ અંતર શત્રુને જીતે તે જિન કહેવાય. તેનો પ્રરૂપેલો ધર્મ તે જિનશાસન કહેવાય.

**પ્રશ્ન** ૨—જિનશાસનનો સાર શું ?

**ઉત્તર**—કર્મબંધનાં કારણો અટકાવવા અને મોક્ષમાર્ગે ગમન કરવું એ જિનશાસનનો સાર છે.

**પ્રશ્ન** ૩—તીર્થંકર ક્યારે અને ક્યાં થાય છે ?

**ઉત્તર**—ભરત ઐરવતક્ષેત્રમાં અવસર્પિણીના ત્રીજા આરાને છેડે એક ને ચોથા આરામાં ૨૩ થાય છે. ઉત્સર્પિણીમાં ત્રીજા આરામાં ૨૩ ને ચોથા આરાંના પ્રારંભમાં ૧ થાય છે. મહાવિદેહ ક્ષેત્રમાં કાયમ તીર્થંકરો થયા કરે છે.

**પ્રશ્ન** ૪—તીર્થંકર શું કરે છે ?

**ઉત્તર**—તીર્થંકર અનેક ભવ્ય જીવોને શુદ્ધ માર્ગનો ઉપદેશ આપી અનેક જીવોનું કલ્યાણ કરે છે, શુદ્ધ માર્ગ પ્રવર્તાવે છે.

**પ્રશ્ન** ૫—જેવો ધર્મ શ્રી ઋષભદેવે પ્રવર્ત્તાવ્યો તેવો જ અત્યાર સુધી ચાલ્યો આવે છે કે કાંઈ ફેરફાર થયો છે ?

**ઉત્તર**—મુખ્ય તાત્ત્વિક માર્ગ તો તેવો જ ચાલ્યો આવે છે. ક્રિયામાર્ગમાં કાળાનુસાર ફેરફાર થયો છે.

**પ્રશ્ન** ૬—ઋષભદેવની પહેલાં જૈન ધર્મ હતો કે નહીં ?

**ઉત્તર**—ઋષભદેવ થયા અગાઉ આ ભરતક્ષેત્રમાં યુગલિકો હતા. તે વખત કોઈ પ્રકારનો ધર્મ નહોતો.

**પ્રશ્ન** ૭—સમ્યક્ત્વ કોને કહેવું ?

**ઉત્તર**—શુદ્ધ (દોષ રહિત) દેવ, ગુરુ ને ધર્મની શ્રદ્ધા તે સમકિત સમજવું.

**પ્રશ્ન** ૮—શ્રાવક ધર્મનું સ્વરૂપ શું ?

**ઉત્તર**—સમકિતયુક્ત બાર વ્રત ગ્રહણ કરવારૂપ શ્રાવક ધર્મ સમજવો.

**પ્રશ્ન** ૯—નિર્વાણ શબ્દનો અર્થ શું ?

**ઉત્તર**—સર્વ કર્મથી રહિત થઈને સિદ્ધાવસ્થાને પામવું તે નિર્વાણ કહેવાય છે.

**પ્રશ્ન** ૧૦—જીવને નિર્વાણ પદ ક્યારે પ્રાપ્ત થાય ?

**ઉત્તર**—શુદ્ધ ધર્મનું સેવન કરવાવડે સર્વ કર્મોનો ક્ષય થાય તો જીવ નિર્વાણ પામે છે. તેના કારણભૂત સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન ને સમ્યક્ ચારિત્ર છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**પ્રશ્ન ૧૧**—સર્વ જીવ કોઇ કાળે નિર્વાણ પામી શકે ?

**ઉત્તર**—પામી ન શકે. એકેક નિગોદમાં એટલા અનંતા જીવો છે કે વ્યતીત થયેલા અનંતાકાળમાં અનંત જીવો સિદ્ધ થયા છતાં એક નિગોદનો અનંતમો ભાગ સિદ્ધ થયો છે.

**પ્રશ્ન ૧૨**—આત્મા અમર છે કે નાશવંત છે ? **ઉત્તર**—અમર છે.

**પ્રશ્ન ૧૩**—જીવ પુનર્જન્મ કેમ પામે છે ?

**ઉત્તર**—અનેક ભવમાં સંચય કરેલાં કર્મો તેની સત્તામાં પડેલાં છે તે ભોગવવા માટે વારંવાર જન્મ ધારણ કરવા પડે છે.

**પ્રશ્ન ૧૪**—તીર્થંકરના પ્રભાવથી આપણું કલ્યાણ થાય છે કે આપણા આત્માના બળથી થાય છે ?

**ઉત્તર**—કલ્યાણ તો આત્માના બળથી જ થાય છે, પરંતુ તેમાં દેવ, ગુરુ, ધર્મની સેવા-ભક્તિ વિગેરે નિમિત્તભૂત થાય છે.

**પ્રશ્ન ૧૫**—જીવ પુણ્ય પાપનું ફળ પોતાથી જ પામે છે કે તેનું ફળ આપનાર કોઇ છે ?

**ઉત્તર**—જેમ વિષ ખાનાર સ્વયમેવ મરણ પામે છે ને પુષ્ટિકારક ખોરાક ખાનાર પુષ્ટ થાય છે તેમ જીવ કર્મોના ઉદયવડે જ સ્વતઃ સુખદુઃખ પામે છે. સુખ દુઃખ આપનાર કોઇ અપર સત્તા નથી તેમ તે બની શકે તેમ પણ નથી.

**પ્રશ્ન ૧૬**—જગતનો કર્તા કોઇ ઇશ્વર છે કે આ જગત સ્વતઃ બનેલું છે ?

**ઉત્તર**—આ જગત નવું બનેલું જ નથી. અનાદિ કાળથી છે. તેને બનાવનાર કોઇ ઇશ્વર છે જ નહીં. અને આ જગત કોઇનું બનાવ્યું બની શકે તેમ પણ નથી. તેમ માનવામાં અનેક પ્રકારના વિરોધ આવે છે.

**પ્રશ્ન ૧૭**—પ્રતિમા પાષાણની બનાવેલી છે તેની સેવાભક્તિ વિગેરે કરવાથી લાભ થાય છે ?

**ઉત્તર**—જરૂર લાભ થાય છે. એમાં પ્રતિમા તો નિમિત્ત કારણ છે. બાકી લાભ તો આત્માના અધ્યવસાયની તે નિમિત્તે શુદ્ધિ થાય છે તે છે. આને માટે ઘણા શાસ્ત્રાધાર મોજુદ છે.

**પ્રશ્ન ૧૮**—જળ પુષ્પાદિવડે જિનપૂજા કરવાથી શ્રાવકને દોષ લાગે કે નહીં ?

**ઉત્તર**—એમાં દોષના પ્રમાણમાં લાભ ઘણો છે તેથી શ્રાવકને માટે તે કરણી કરવા યોગ્ય છે. શ્રાવકે હજુ આરંભો તજ્યા નથી તેથી પુષ્પાદિકવડે જિનભક્તિ કરવામાં શંકા ન કરવી.

**પ્રશ્ન ૧૯**—જિનપૂજા કરનાર શ્રાવકે કપાળમાં તિલક કરવું જ જોઇએ ?

**ઉત્તર**—એ તો જિનાજ્ઞાના સ્વીકારની નિશાની છે, માટે કરવું જ જોઇએ. તિલક કરવાથી શરમાવાનું શું છે ? તે સમજાતું નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**પ્રશ્ન ૨૦**—અરિહંત દેવની ભક્તિ કરવાની સાધુ કે શ્રાવકને જરૂર છે ?

**ઉત્તર**—ખાસ જરૂર છે. એ આપણા પરમ ઉપકારી છે. તેની ભક્તિ જરૂર કરવી જોઈએ.

**પ્રશ્ન ૨૧**—જો જીવ પોતાનાં કર્મોનાં ફળ ભોગવે છે તો પછી દેવની ભક્તિ શા માટે કરવી ?

**ઉત્તર**—સામાન્ય દેવોની ભક્તિ કરવી એ જુદી વાત છે; પરંતુ પરમાત્માની ભક્તિ તો કર્મના ઉદયનો પણ નાશ કરી શકે છે; તેથી તે તો જરૂર કરવી.

**પ્રશ્ન ૨૨**—જૈન કે અજૈન દેવતાઓ વિના કારણ કોઈને દુઃખ આપી શકે ?

**ઉત્તર**—કારણ વિના ન આપે. આ ભવ સંબંધી કે ગત ભવ સંબંધી કોઇ પણ કારણ હોવું જોઇએ.

**પ્રશ્ન ૨૪**—મનુષ્યમાં કોઇ એવી શક્તિ હોય કે જેથી અપૂર્વ કાર્ય કરી શકે ?

**ઉત્તર**—અત્યારે તેવી શક્તિ ક્વચિત્ જ હોય, પણ હોઈ શકે ખરી; કેમકે જીવ અનંતશક્તિવાળો છે તેથી અપૂર્વ શક્તિનો અસંભવ માનવો નહિ.

**પ્રશ્ન ૨૪**—તીર્થંકરની મૂર્ત્તિ કેવી હોય ?

**ઉત્તર**—ઘણી પર્યંકાસનવાળી હોય. કેટલીક કાયોત્સર્ગ મુદ્રાવાળી પણ હોય.

**પ્રશ્ન ૨૫**—વીશ સ્થાનકનાં નામો જણાવો.

**ઉત્તર**—એને માટે વીશ સ્થાનકની પૂજા વાંચો. છપાયેલ છે.

**પ્રશ્ન ૨૬**—તપસ્યાના પારણાને દિવસે પ્રાતઃકાળમાં ઘરવાળા અનેક પ્રકારના આરંભો કરે છે તેનો દોષ કોને લાગે ?

**ઉત્તર**—ત્યાગના ભંગરૂપ આધાકર્મી દોષ તપસીને લાગતો નથી, કારણ કે તેણે આધાકર્મીનો ત્યાગ કર્યો નથી.

**પ્રશ્ન ૨૭**—ભાદ્રપદ શુદિ ચોથે સંવત્સરી કરવાની કોણે શરૂ કરી ને ક્યારે શરૂ કરી ? **ઉત્તર**—કાલિકાચાર્યે વીરપ્રભુના નિર્વાણ પછી લગભગ એક હજાર વર્ષે શરૂ કરી.

**પ્રશ્ન ૨૮**—પ્રતિક્રમણમાં લઘુશાંતિ ક્યારથી દાખલ થઇ ને કોણે કરી ?

**ઉત્તર**—શ્રી માનદેવસૂરિએ લઘુશાંતિ રચી, ત્યારપછી પ્રતિક્રમણમાં દાખલ થઇ. તે વખતના આચાર્યોએ એકમતે દાખલ કરી. **કુંવરજી**

## પંન્યાસશ્રી કલ્યાણવિમલજીના પ્રશ્નોના ઉત્તરો

૧. સામાયિક કે પ્રતિક્રમણમાં તિલક ન રાખી શકાય, કારણ કે સામાયિક કરતી વખતે શ્રાવક શ્રમણ ( સાધુ ) જેવો થાય છે. રાત્રે તિલક ન રાખવાનો લૌકિક વ્યવહારથી પણ નિષેધ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૨. સામાયિક, પૌષધમાં શ્રાવકે આભૂષણો–અલંકારોનો ત્યાગ કરવો જોઇએ, પરન્તુ શ્રાવિકા પોતાના સૌભાગ્ય ચિહ્નો રાખી શકે; તેનો નિષેધ ન સમજવો.

૩. સામાયિક, પૌષધમાં જરૂર પડયે બીજા વસ્ત્ર રાખવાનો નિષેધ નથી, પણ પુરુષથી શીવેલું કે અશુદ્ધ વસ્ત્ર ન વાપરી શકાય.

૪. ' કરેમિ ભંતે ' શ્રાવકે બોલવાની છે. ગુરુમહારાજ તો તેને તે બોલાવે છે. ગુરુને કંઇ સામાયિક ઉચ્ચરવાની નથી, પણ શ્રાવકની વતી બોલે છે તેથી ગુરુ ' વોસિરામિ ' કહે છે તે વાંધાવાળું નથી.

૫. ગર્ભહરણના સંબંધમાં તમે જે લખ્યું છે તે ઇંદ્રે પોતાનો આચાર જાણીને કર્યું છે. તીર્થંકરો નીચ કુળમાં ઉપજે નહીં, કદી ઉપજે તો જન્મે તો નહીં જ. આ વાત શાસ્ત્રસિદ્ધ હોવાથી તેને માટે બીજા દૃષ્ટાંતો ઘટાવી શકાય નહીં. વીરપ્રભુએ મેરુપર્વતને કંપાવ્યો, તે અવસરે તે તેમને ઉચિત લાગ્યું હશે, તેમાં આપણી બુદ્ધિ કામ કરી શકે નહીં. ઇંદ્રે જો અવધિજ્ઞાનનો ઉપયોગ મૂકયો હોત તો પ્રભુના અચિંત્ય બળને જાણી શકત. મેરુપર્વત કંપાયમાન થયો ત્યારે જ્ઞાનનો ઉપયોગ મૂકતાં તે વાત તેમણે જાણી હતી. કળશ તમોએ ૧૦૮ લખ્યા છે, પણ ૧૬૦૦૦૦૦૦ જાણવા.

૬. સાધુ–સાધ્વીને ઉષ્ણ પાણી પીવાનું વિધાન પ્રથમ મહાવ્રતના પાલનને અંગે જણાવેલ છે. આરોગ્ય માટે તેનું વિધાન નથી. એ કાર્યમાં અવાંતર અનેક લાભો સંભવી શકે, પણ દૃષ્ટિ મુખ્ય લાભ તરફ રાખવી જોઇએ.

૭. નાશકેતજીનું અને કર્ણનું તમોએ જણાવેલ દૃષ્ટાંત આપણા જૈન ગ્રંથોમાં જોવામાં આવતું નથી, તેમ તેવું સંભવતું પણ નથી.

૮. નાના બાળકોને ચડ્ડી પહેરીને સામાયિક કરવામાં વાંધો ન સમજવો.

૯. કાર્મણ વર્ગણા ચૌદ રાજલોકમાં સર્વત્ર છે તે કહેવાય છે અને કાર્મણ શરીર તો તે કાર્મણવર્ગણા જીવે ગ્રહણ કરીને કર્મપણે પરિણમાવેલી હોય તેને કહેવાય છે. આ શરીર જીવની સંગાથે અનાદિકાળથી મળેલું છે.

૧૦. જીવ સમયે-સમયે સાત–આઠ કર્મ બાંધે, તેમાં મિથ્યાદૃષ્ટિપણામાં મોહનીય કર્મ બાંધે તે ૭૦ કોડાકોડી સાગરોપમપ્રમાણ બાંધે છે. એક સમયે તે પ્રમાણે બાંધ્યા પછી ફરીને પણ તેટલી સ્થિતિનું બાંધે છે પરંતુ તેનો ઉદય સમય-સમયને આંતરે અબાધાકાળ પૂરો થાય ત્યારે થાય છે, પરંતુ પહેલા બાંધેલા કર્મનો ઉદય ભોગવ્યા પછી બીજી વારના, ત્રીજી વારના એમ ક્રમશઃ મોહનીય કર્મનો ભોગવટો થાય છે તેમ સમજવું નહીં, એક સાથે ભોગવાય છે એમ સમજવું.

કુંવરજી

For Private And Personal Use Only

### શ્રી આનંદઘનજીનું

# દિવ્ય જિનમાર્ગદર્શન

### ( ૩ )

**પથિક**—મહાત્મન્ ! તે કેવી રીતે ? તેની સમજણ પાડો. તત્ત્વનું તત્ત્વ દર્શાવતી આપની ગાર્મિક તત્ત્વવાર્તા સાંભળતાં તૃપ્તિ થતી નથી, આજે મારા કર્ણને ઉત્સવ પ્રાપ્ત થયો છે; છતાં આપના મર્મવેધક વચનામૃતનું પાન કરવાની પિપાસા વધતી જાય છે.

**યોગિરાજ**—હે ભદ્ર ! જે લોકોત્તર વીતરાગ દેવ છે તેને આ લોકો લૌકિકભાવથી ભજે છે ! જે વીતરાગ દેવની મુદ્રા પણ દેખતાં જ સામા માણસને સમભાવ પ્રેરે છે-ઠારી દે છે તેવી નિર્દોષ મુદ્રાને પણ આ લોકો દેખાદેખીથી ઠાકોરજીની જેમ બાહ્ય ઠઠારો કરી, પરમ ભાવવાહી મૂળ સહજ સ્વરૂપ કળવું કઠિન થઈ પડે એવી રીતે વિકૃત કરી મૂકે છે ! સમવસરણ, પ્રાતિહાર્ય આદિ બાહ્ય મહિમા એ જ માત્ર જાણે જિનેશ્વરનું સ્વરૂપ છે એમ મૂઢ બાહ્યદૃષ્ટિ જીવો સમજે છે, પણ એટલું જાણતા નથી કે આવો *મહિમા તો ઇંદ્રજાલીઆ પણ કરી દેખાડે. પ્રભુનો ખરો મહિમા તો તેમના અંતરંગ શુદ્ધ આત્મસ્વરૂપનો છે, વીતરાગતાનો છે, તેનું તેમને લક્ષ નથી. જેમ દેવ-દેવીની માનતા કરે છે તેમ આ લોકો વીતરાગની પણ માનતા કરે છે, ને સંસારથી પર એવા તે લોકોત્તર દેવની પાસેથી પણ સાંસારિક-લૌકિક ફલની અપેક્ષા રાખે છે ! પણ નિજ સ્વરૂપને પ્રાપ્ત થયેલા જિન ભગવંતની શુદ્ધ ભાવભક્તિથી નિજ સ્વરૂપની પ્રાપ્તિનું લક્ષ રાખવાની તે દરકાર કરતા નથી ! 'અઢાર દૂષણથી રહિત એવા મનવિશ્રામી વીતરાગ દેવનું યથાર્થ સ્વરૂપ પારખીને જે જિનવરના ગુણ ગાય છે, તે દીનબંધુની મહેર નજરથી **આનંદઘન** પદ પામે છે,' એ નિઃસંદેહ વાર્તા છે, પણ બહુ અલ્પ જનો જ તેનું યથાર્થ સ્વરૂપ સમજે છે.

**"ઇણવિધ પરખી મન વિશરામી, જિનવર ગુણ જે ગાવે રે;**
**દીનબંધુની મહેર નજરથી, આનંદઘન પદ પાવે રે.**
**સેવક કિમ અવગણિયે, હો મલ્લિજિન !"—આનંદઘનજી**

વળી બાહ્ય ત્યાગી-સાધુ વેષધારી, પણ આત્મજ્ઞાનથી રહિત એવાઓને તેઓ ગુરુ કરીને થાપે છે; અથવા તો આ 'અમારા' કુલ સંપ્રદાયના છે એમ જાણી તે પ્રત્યે ગુરુપણાનું મમત્વ રાખે છે. આમ તે રૂઢિબદ્ધ જનો પોતાના કુલ સંપ્રદાયના **દ્રવ્યલિંગી** સાધુ વેષધારીઓને ગુરુ માને છે; પણ સાધુ શ્રમણ, ગુરુના સાચા સ્વરૂપને જાણતા નથી. જે **આત્મજ્ઞાની, ભાવયોગી, ભાવસાધુ, ભાવાચાર્ય** હોય, સાચા સાધુપણાના, શાસ્ત્રોક્ત નિર્ગ્રંથપણાના સદ્ગુણથી શોભતા હોય, આચાર્યપણાના લક્ષણથી વિરાજતા હોય, તે જ

---

* "देवागमनभोयानचामरादिविभूतयः । मायाविष्वपि दृश्यन्ते नातस्त्वमसि नो महान् ॥"
—**શ્રી સમંતભદ્રાચાર્યજી**

"જે લોકોત્તર દેવ નમું લૌકિકથી."—શ્રી દેવચંદ્રજી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાચા સાધુ-શ્રમણ છે, તે જ સાચા સદ્‌ગુરુ છે, એમ ×શાસ્ત્રમાં સ્પષ્ટ કહ્યું છે. **જેણે અંતરની મુંડ મુંડાવી હોય તે જ સાચા ભાવમુનિ** છે, છતાં આ લોકો તો સાધુના કપડા પહેર્યા, વાઘો બદલાવ્યો, નાટકના પાત્રની જેમ વેષપલટો કર્યો, દ્રવ્યલિંગ ધારણ કર્યું એટલે ગુરુ બની ગયા એમ માને છે. પણ તેઓને ખબર નથી કે–'જેનામાં શુદ્ધ આત્મજ્ઞાન હોય, જે સમકિતી–સમ્યગ્‌દર્શની હોય, જે આગમધર, સંપ્રદાયી ને અવંચક હોય, જે શુદ્ધ આત્માનુભવી હોય ' તે જ ગુરુ છે, તે જ મુનિ છે, તે જ શ્રમણ છે.

**" આતમજ્ઞાની શ્રમણ કહાવે, બીજા તો દ્રવ્યલિંગી રે;**
**વસ્તુગતે જે વસ્તુ પ્રકાશે, આનંદઘન મત સંગી રે; વાસુપૂજ્ય જિન!"**

**" આગમધર ગુરુ સમકિતી, કિરિયા સંવર સાર રે;**
**સંપ્રદાયી અવંચક સદા, શુચિ અનુભવ આધાર રે.**
**શાંતિજિન ! એક મુજ વિનતિ"–શ્રી આનંદઘનજી**

હજારો દ્રવ્યલિંગીઓની જમાત એકઠી થતાં પણ જે જનકલ્યાણ કે શાસનઉદ્યોત નથી કરી શકતા તે એક સાચો આદર્શ **ભાવનિર્ગ્રંથ** સહજ સ્વભાવે કરી શકે છે,–જેમ એક જ સૂર્ય કે ચંદ્ર વિશ્વમાં પ્રકાશ રેલાવી શકે છે, હજારો ટમટમતા તારાઓ એકત્રપણે પણ તેમ કરી શકતા નથી.

તેમજ આ કહેવાતા ગુરુઓ–દ્રવ્યલિંગીઓમાં પણ કોઈ કોઇ તો આ વેષપલટો કર્યો, ભગવાનની પાટ પર ચઢી બેઠા, એટલે પોતે જાણે છટ્ઠે ગુણઠાણે પહોંચી ગયા એમ મિથ્યાભિમાન ધારણ કરે છે, પણ પહેલા +ગુણઠાણાનું પણ ઠેકાણું છે કે નહિં તે ભગવાન્ જાણે કે તેમનો અંતરાત્મા જાણે ! વળી તેઓ પોતાના ગુરુપણાનો ભાગ પણ આબાદ ભજવે છે ! યેન કેન પ્રકારેણ ચેલા-ચેલી* મુંડવા, શિષ્યપરિવાર વધારવો, પોતાના નામની પાછળ ઉપાધિઓના લાંબા લાંગૂલ લગાડી દૃષ્ટિરાગી ભક્તજનો મારફત સીફતથી પોતાની બિરુદાવલી બોલાવરાવવી, પોતાની મહત્તા પોષવી, સમાજમાં પોતાનું વર્ચસ્વ જાળવી રાખવું, ઇત્યાદિ બાબતમાં આ લોકો પાવરધા બની ગયા હોય છે. પણ એ

---

× " आचार्यादिष्वपि ह्येतेद्विशुद्धं **भावयोगिषु** । वैयावृत्त्यं च विधिवच्छुद्धाशयविशेषतः ॥ "
**મહર્ષિ હરિભદ્રાચાર્યજીપ્રણીત શ્રી યોગદૃષ્ટિસમુચ્ચય.**

**" કારજ સિદ્ધ ભયો તિનકો, જિને અંતર મુંડ મુંડાય લીયા રે. "—ચિદાનંદજી**

+" પરપરિણતિ પોતાની માને, વરતે આરતધ્યાને;
બંધ મોક્ષ કારણ ન પીછાને, તે પહિલે ગુણઠાણે...ધન્ય તે મુનિવરા રે જે ચાલે સમભાવે.
**—શ્રી યશોવિજયજી**

* નિજ ગણ સંચે મન નવિ ખંચે, ગ્રંથ ભણી જન વંચે;
લુંચે કેશ ન મુંચે માયા, તો વ્રત ન રહે પંચે...ધન્ય તે મુનિવરા રે.
યોગ ગ્રંથના ભાવ ન જાણે, જાણે તો ન પ્રકાશે;
ફોકટ મોટાઇ મન રાખે, તસ ગુણ દૂરે નાશે...ધન્ય તે મુનિવરા રે.
**—શ્રી યશોવિજયજીકૃત સાડાત્રણસો ગાથાનું સ્તવન**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બાપડાને ખબર નથી કે 'ગુરુ' થવામાં ભારે જોખમ રહેલું છે. જે તથારૂપ યોગ્યતા વિના 'ગુરુ' બની બેસે છે ને શિષ્યાદિના વિનયનો ગેરલાભ લ્યે છે, તે મહામોહનીય કર્મના ભારથી 'ગુરુ' (ભારે) બની ભવસાગરમાં બૂડી જાય છે. પણ તે બિચારાને પરમાર્થનું ભાન નથી એટલે તેમ કરે એમાં શું આશ્ચર્ય છે? તેના કરતાં તો જગતના ચેલા થવું સારું.

**"જગતગુરુ મેરા, મૈં જગતકા ચેરા; મિટ ગયા વાદવિવાદકા ડેરા."—શ્રી આનંદઘનજી**

માત્ર બાહ્ય દ્રવ્ય ક્રિયાકાંડને અથવા ગચ્છના કદાગ્રહ સાચવવાને આ લોકો ધર્મ માને છે, પણ નિષ્કષાયતારૂપ સાચો આત્મધર્મ આરાધતા નથી! કહ્યું છે કે—

**" ધરમ ધરમ કરતો સહુ જગ ફિરે, ધર્મ ન જાણે હો મર્મ...જિનેસર!**
**ધર્મ જિનેસર ગાઉં રંગશું."—શ્રી આનંદઘનજી**

**" એક કહે સાધીએ વિવિધ કિરિયા કરી, ફલ અનેકાંત લોચન ન દેખે;**
**ફલ અનેકાંત કિરિયા કરી બાપડા, રડવડે ચાર ગતિમાંહિ લેખે."**
**—શ્રીઆનંદઘનજી**

**" અવગુણ ઢાંકણ કાજ, કરું જિનમત ક્રિયા;**
**છંડું ન અવગુણ ચાલ, અનાદિની જે પ્રિયા."—શ્રી દેવચંદ્રજી**

તેમાં પણ ઘણા લોકો તો પોતાના અવગુણ ઢાંકવા ખાતર, લોકારાધન ખાતર કે ધાર્મિકમાં ખપવા ખાતર, ઉપરછલ્લી ડોળઘાલુ દાંભિક દ્રવ્ય ક્રિયા માત્ર કરે છે ને પોતે ધર્મ કરે છે એમ જગતને રૂડું દેખાડવા પ્રયત્ન કરે છે, પણ તેવા '**લોકપંક્તિ**'માં વર્તતા લોકોથી ધર્મ લાખો ગાઉ દૂર છે. વળી કોઇ તો દૃષ્ટિરાગની પુષ્ટિને સમકિત માની બેસી ગૌરવ અનુભવે છે, પણ નિજસ્વરૂપને જાણતા નથી,–તેવા જનો પણ ધર્મથી દૂર છે.

સાચો ધર્મ તો આત્મધર્મ છે. '**वत्थुसहावो धम्मो**' વસ્તુનો સ્વભાવ તે ધર્મ, આત્મવસ્તુનો સ્વભાવ તે આત્મધર્મ. તે આત્મધર્મને જે સાધ્ય કરે તે જ વાસ્તવિક ધર્મ છે. સમ્યગ્દર્શન–સમ્યગ્જ્ઞાન–સમ્યક્ચારિત્ર તે ધર્મનાં સાધન છે. આ મૂળભૂત વસ્તુ ધર્મના સ્વરૂપનું આ લોકોને ભાન નથી.

આમ એઓને દેવ-ગુરુ-ધર્મની પણ સાચી ઓળખાણ નથી–સમજણ નથી, તો શ્રદ્ધા તો ક્યાંથી હોય? ને સાચી શ્રદ્ધા વિના એઓ જે કાંઇ ધર્મને નામે ઓળખાતી ક્રિયા કરતા હોય, તે પણ 'છાર પર લિંપણા' જેવી પરમાર્થથી નિરર્થક હોય એમાં નવાઇ શું?

**" દેવ ગુરુ ધર્મની શુદ્ધિ કહો કિમ રહે?**
**કિમ રહે? શુદ્ધ શ્રદ્ધા ન આણો;**
**શુદ્ધ શ્રદ્ધાન વિણ જેહ કિરિયા કરી,**
**છાર પર લિંપણો તેહ જાણો. ધાર તરવારની."—શ્રી આનંદઘનજી**

માટે એઓ મોક્ષમાર્ગના યથોક્ત મૂળ સૂત્રને જ ભૂલી ગયા હોઇ વા યથાર્થ નહિં સમજતા હોઇ, ઉત્સૂત્રભાષણ ને ઉત્સૂત્રઆચરણ જ કરી રહ્યા છે. અને એ ઉત્સૂત્ર-ભાષણ–આચરણ જેવું બીજું પાપ શું છે? સૂત્ર જેવો જગતમાં બીજો ધર્મ શો છે? સૂત્ર અનુસાર જે ભવિક ક્રિયા કરે છે તેનું ચારિત્ર શુદ્ધ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



" પાપ નહિં કોઈ ઉત્સૂત્ર ભાષણ જિસો,
ધર્મ નહિં કોઈ જગ સૂત્ર સરિખો;
સૂત્ર અનુસાર જે ભવિક કિરિયા કરે,
તેહનો શુદ્ધ ચારિત્ર પરિખો...ધાર તરવારની૦"—શ્રી આનંદઘનજી

**પથિક**—મહાત્મન્ ! એ કેવી રીતે ? સૂત્ર ને ઉત્સૂત્ર શું તે સમજાવવા કૃપા કરો.

**યોગિરાજ**—જિજ્ઞાસુ ભવ્ય ! **સૂત્ર** એટલે આપ્તવચન, આપ્તપુરુષનું સુભાષિત સંક્ષિપ્ત છતાં સંપૂર્ણ એવું વચન તે સૂત્ર. જેમ કોઇ પુરુષની છબી એના દેહપ્રમાણ મોટી પણ હોય ને મુદ્રિકામાં સમાય એટલી નાની પણ હોય, છતાં તે નાની પ્રતિકૃતિ પણ તે પુરુષની સંપૂર્ણ આકૃતિનો ખ્યાલ આપે છે, તેમ સૂત્ર પણ સંક્ષિપ્તપણે થોડા શબ્દોમાં કહ્યા છતાં, તત્ત્વનો સંપૂર્ણ ખ્યાલ આપે છે. આવું અર્થગંભીર રહસ્યપૂર્ણ સૂત્રાત્મક વચન તે સત્પુરુષોની કથનપદ્ધતિની અદ્દભુત ચમત્કૃતિ છે.

અથવા સૂત્ર એટલે દોરો. દોર હાથમાં હોય ત્યાં સુધી પતંગ ગમે તેટલે ઊંચે ચઢાવી શકાય, પણ દોર હાથમાંથી છૂટી જતાં પતંગ તરત પડી જાય છે; તેમ સૂત્ર હાથમાં રાખતાં–અનુસરતાં તત્ત્વજ્ઞાનની પતંગ ગમે તેટલે ઊંચે ચઢાવી શકાય, પણ સૂત્ર છોડી દેતાં તે નિરાધારપણે શીઘ્ર પડી જાય છે. અથવા તો સૂત્રનો–દોરાનો નાનકડો દડો વિંટાળવામાં આવ્યો હોય તો તે મુઠ્ઠીમાં સમાઇ જાય, પણ તે જો ઉકેલવામાં આવે તો તેનો વિસ્તાર ગાઉના ગાઉ જેટલો થાય, તેમ ન્હાનકડું સૂત્રવચન થોડા શબ્દોમાં કહેવામાં આવ્યું હોય, પણ તેનું કોકડું જો ઉકેલવામાં આવે તો તેનો વિસ્તાર ગ્રંથોના ગ્રંથો ભરાય તેટલો થાય. જેમકે **આર્હતી મુષ્ટિ**—' રાગદ્વેષથી બંધ છે ને સંવરથી મોક્ષ છે', ' ઉપશમ વિવેક ને સંવર.' અથવા એક સૂત્રમાં–દોરામાં મણકા પરોવ્યા હોય તો હાર બને, પણ એક સૂત્ર વિના હાર ન બને; તેમ વચનરૂપ મણકા એક સૂત્રમાં અનુવિદ્ધ–પરોવાયેલા હોય તો તત્ત્વજ્ઞાનરૂપ હાર બને, પણ એક સૂત્રમાં નહિં પરોવાયેલા–અનનુવિદ્ધ વિશ્રૃંખલ વચનનો તત્ત્વરૂપ હાર ન બને. અથવા વિવિધ સુગંધી પુષ્પો એક સૂત્રથી–દોરાથી ગુંથવામાં આવતાં એક સુંદર પુષ્પમાળા બને, તેમ વિવિધ સુભાષિત વચન–પુષ્પો એક સૂત્રથી ગુંથવામાં આવતાં એક સુંદર તત્ત્વમાળા બને. આ બધા સ્થૂલ દૃષ્ટાંત છે, પણ તે ' સૂત્ર ' શબ્દમાં ઘણું રહસ્ય છે એમ સૂચવે છે. સમસ્ત જિનવચન એકસૂત્રરૂપ છે, એકવાક્યતા ધરાવે છે, એક જ અર્થ પ્રત્યે લઇ જાય છે, બે–ત્રણ દાખલા લઈએ—

' **सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः ।** '—સમ્યગ્ દર્શન, જ્ઞાન, ચારિત્ર એ મોક્ષમાર્ગ છે. આ સૂત્ર કેટલું બધું અર્થગંભીર છે ? એ મૂળભૂત વચનના વિસ્તારરૂપ આખું જિનશાસન છે.

' **वत्थुसहावो धम्मो** '—વસ્તુનો સ્વભાવ તે ધર્મ. આત્મવસ્તુનો સ્વભાવ તે આત્મધર્મ. આ આત્મસ્વભાવ પણ જે સાધનથી પ્રગટ થાય તે પણ ધર્મ. અને એ સાધન પણ મુખ્યપણે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર જ છે. આમ આ ધર્મની વ્યાખ્યા પણ કેટલી બધી વ્યાપક ને સર્વગ્રાહી છે ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



'**ज्ञानक्रियाभ्यां मोक्षः**'—જ્ઞાન ને ક્રિયાથી મોક્ષ છે, એ સૂત્ર પણ એટલું જ અર્થગંભીર રહસ્યપૂર્ણ છે, પણ તે ઉકેલતાં આવડવું જોઈએ. કેટલાક લોક આ સૂત્ર ઉચ્ચારે છે, પણ જ્ઞાન શું ને ક્રિયા શું ? તેનું તેમને વાસ્તવિક ભાન નથી હોતું. દેવના આટલા ભેદ, નરકના આટલા પાથડા ઇત્યાદિ ભંગજાલમાં જ માત્ર તેઓ જ્ઞાનની પર્યાપ્તિ માને છે, ને બાહ્ય દ્રવ્ય ક્રિયામાં જ–શરીરાદિની ચેષ્ટામાં જ ક્રિયાની પૂર્ણતા માને છે. પણ દ્રવ્યશ્રુતજ્ઞાનના આલંબનથી પણ ભાવશ્રુતજ્ઞાન એટલે કે શુદ્ધ આત્મજ્ઞાન પ્રાપ્ત થાય તે જ વાસ્તવિક જ્ઞાન છે ! ને દ્રવ્ય ક્રિયાનું આલંબન લઇને પણ અંતરમાં ભાવ–દીપક પ્રગટાવવો, અંતરાત્મામાં ભાવક્રિયા સાધવી, શુદ્ધ આત્માનું અનુચરણ કરવું તે જ વાસ્તવિક ક્રિયા વા ચારિત્ર છે. આવા શુદ્ધ આત્મજ્ઞાનને શુદ્ધ આત્મચારિત્રનો જ્યારે *સુમેળ પ્રાપ્ત થાય ત્યારે જ મોક્ષની પ્રાપ્તિ થાય એમાં કોઇ વાદ નથી. બાકી તો શાસ્ત્રમાં સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે—'**જો નવ પૂર્વ સુધી ભણ્યો હોય, પણ જીવને જાણ્યો ન હોય, તો તે સર્વ અજ્ઞાન છે.**' કારણ કે તે દ્રવ્યશ્રુતજ્ઞાન તેને ભાવશ્રુતરૂપે–શુદ્ધ આત્મજ્ઞાનરૂપે પરિણમ્યું નથી. ઊલટું તે તો અનધિકારી જીવને મિથ્યાભિમાનનું કારણ પણ થઇ પડવાનો સંભવ છે કે—'અહો ! હું આટલું બધું શ્રુત જાણું છું, હું સકલ આગમનો રહસ્યવેત્તા છું, હું શ્રુતધર–આગમધર છું, હું શાસ્ત્રનું કેવું વ્યાખ્યાન કરી શકું છું ? લોકો મને કેવો વક્તા–શિરોમણિ માને છે.' એવા મિથ્યાભિમાનથી તે ફૂલીને ફાળકો બને છે, ને 'ઓછું પાત્ર ને અધિકું ભણ્યો' તેના જેવું થાય છે. ઉપ૦ **ભવ૦ પ્રપંચા** કથામાં વર્ણવેલું **સિંહસૂરિનું** દૃષ્ટાંત અત્રે બરાબર લાગુ પડે છે. પણ તે બિચારાને ખબર નથી કે '**અગ્નિ+ શસ્ત્ર કે વ્યાલની જેમ શ્રમણપણું દુર્ગૃહીત હોય–બરાબર ન ગ્રહ્યું હોય–ઊલટું પકડ્યું હોય, તો તે અનર્થકારક થઈ પડે છે.**' એમ તો× અભવ્યો પણ તેવું દ્રવ્યશ્રુતજ્ઞાન પ્રાપ્ત કરી શકે છે, પણ ભાવશ્રુતજ્ઞાન પામવાને કદી યોગ્ય હોતા નથી, તેથી જ તે અભવ્ય રહે છે, કદી પણ મોક્ષ પામવાને યોગ્ય હોતા નથી. સારાંશ એ છે કે–જ્ઞાન શબ્દથી ભાવશ્રુતજ્ઞાન અથવા શુદ્ધ આત્મજ્ઞાન, ક્રિયા શબ્દથી ભાવચારિત્ર અથવા શુદ્ધ આત્મચારિત્ર વિવક્ષિત છે એવા જ્ઞાન–ક્રિયાનો મેળ મળે ત્યારે જ મોક્ષ મળે એ નિશ્ચય છે. બાકી ક્રિયા એટલે દ્રવ્ય ક્રિયા જ એવો અર્થ જો કરીએ, તો અનંતકાળથી આ જીવ એવી તો ક્રિયાઓ કરતો આવ્યો છે. તેણે અનેક વાર સાધુનો વેષ પહેર્યો હશે, અનેક વાર દ્રવ્ય દીક્ષા લીધી હશે, અનેક વાર

---

* फलं ज्ञानक्रियायोगे सर्वमेवोपपद्यते । तयोरपि च तद्भावपरमार्थेन नान्यथा ॥"

—**શ્રી હરિભદ્રસૂરિકૃત શાસ્ત્રવાર્તાસમુચ્ચય**

+ " अत एव च शस्त्राग्निव्यालदुर्ग्रहसन्निभः । श्रामण्यदुर्ग्रहोऽस्त्वन्तः शास्त्र उक्तो महात्मभिः॥
ग्रैवेयकाप्तिरप्येवं नातः श्लाघ्या सुनीतितः । यथाऽन्यायार्जिता संपद्विपाकविरसत्वतः॥"

—**શ્રી હરિભદ્રાચાર્યજીપ્રણીત શ્રી યોગબિંદુ**

× " ण मुयइ पयडिमभव्वो सुट्ठुवि अज्झाइऊण सत्थाणि ।
गुडदुद्धंपि पिबंता ण पण्णया णिव्विसा हुंति "—**શ્રી સમયસાર**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આચાર્ય થઇ પાટ શોભાવી હશે, અનેક વાર વ્યાખ્યાને આપી વ્યાખ્યાનશાળાઓ ગજાવી હશે, છતાં કલ્યાણ નથી થયું તેનું શું કારણ? કારણ એટલું જ કે તે ભાવ પર નહોતો આવ્યો.

**'यस्मात् क्रियाः प्रतिफलंति न भावशून्याः'—ભાવશૂન્ય ક્રિયાઓ ફળવતી થતી નથી.** પણ આ ઉપરથી એમ સમજવાનું નથી કે દ્રવ્ય જ્ઞાન કે દ્રવ્ય ક્રિયા નિષિદ્ધ છે. દ્રવ્ય જ્ઞાન ને દ્રવ્ય ક્રિયા તો અવશ્યમેવ આરાધવા યોગ્ય છે, પરમ ઉપકારી છે, ભાવ પર ચઢવા માટે પ્રબળ આલંબનભૂત છે; પણ તેનું આલંબન લઇને પણ ભાવ પર આરૂઢ થવાનું નિરંતર લક્ષ રાખવામાં આવે તો જ તેની સફળતા છે. કેવળ શુદ્ધ બુદ્ધિથી કથવામાં આવતું મારું આ સમસ્ત કથન સાપેક્ષ છે—એકાંકિત નથી, એ લક્ષમાં રાખજે.

આમ આ ત્રણે સૂત્રની એકવાકયતા છે; એ જ પ્રકારે સમસ્ત જિનવચન એકસૂત્રરૂપ છે, કારણ કે તેનો ઇષ્ટ ઉદ્દેશ એક જ છે કે—શુદ્ધ આત્મતત્ત્વની સિદ્ધિ કરવી અને આ ઇષ્ટ ઉદ્દેશનો દુર્લક્ષ કરી, એકસૂત્રરૂપ જિનવચનથી વિરુદ્ધ જે ભાષણ કે આચરણ કરવું, તે ઉત્સૂત્રભાષણ કે આચરણ છે. આ જે બધું સંક્ષેપમાં સારભૂત કહ્યું તેનો શાંતિથી સમાજ પરત્વે વિચાર કરતાં તને મેં જે આગળ કહ્યું હતું તેની ખાત્રી થશે કે—

**"ચરમ નયણ કરી મારગ જોવતાં રે, ભૂલ્યો સયલ સંસાર...**
**પંથડો નિહાળું રે બીજા જિનતણો રે."**

ખરેખર ! વર્તમાન સમાજની ખેદજનક—દયાજનક પરિસ્થિતિ નિહાળતાં મારા એ અંતરોદ્ગાર નીકળી પડ્યા હતા.

**જિજ્ઞાસુ પથિક**—યોગિરાજ ! ત્યારે માર્ગનું દર્શન કેવી રીતે થાય ? કેવા નયનથી થાય ? તે દર્શાવવા કૃપા કરો.

**યોગિરાજ**—જે નયને કરી માર્ગ દેખાય તે તો દિવ્ય નયન છે.

**"જિણે નયણે કરી મારગ જોઇએ રે,**
**નયન તે દિવ્ય વિચાર..." પંથડો નિહાળું રે૦**

**જિજ્ઞાસુ**—યોગિરાજ ! તે દિવ્ય નયન શું ? ને તે કેમ પ્રાપ્ત થાય ? મને તેવું દિવ્ય નયન પ્રાપ્ત કરવાની તીવ્ર ઇચ્છા છે,

**યોગિરાજ**—અહો જિજ્ઞાસુ ! તારી જિજ્ઞાસાના અતિરેકમાં મધ્યાહ્ન થયો તેનું પણ તને ભાન નથી રહ્યું. ખરેખર ! સન્માર્ગના જિજ્ઞાસુમાં આવી જ ઉત્કટ જિજ્ઞાસા જોઇએ. તેવી પ્રશસ્ત જિજ્ઞાસાથી અહો ! ભવ્ય તારો યોગમાર્ગમાં પ્રવેશ થઇ ચૂકયો છે. પણ બહુ મોડું થયું હોવાથી હમણા તું જા, અને આવતી કાલે પ્રાતઃકાળે તળેટીના દેવાલયની પાર્શ્વભૂમિમાં મને મળજે. ત્યારે હું તારી જિજ્ઞાસાને વિસ્તારથી સંતોષીશ.

**પથિક**—જેવી આપની આજ્ઞા. (બન્ને પોતપોતાની દિશામાં જાય છે.) (અપૂર્ણ)

**ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઇ મહેતા, M. B. B. S.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રભાવિક પુરુષો

## પૂર્વધર ત્રિપુટી (૧)

આ નવીન મથાળા હેઠળ પટ્ટધર બેલડી-માંનાં સૂરિપુંગવ શ્રી સંભૂતિવિજય અને શ્રી ભદ્રબાહુસ્વામીના જીવનનો ઉત્તરાર્ધ અને એ ઉપરાંત શ્રી સ્થૂલભદ્રજીનું સારું ય જીવનવૃત્તાન્ત આવી જશે; અને તે ત્રણે મહાત્માઓ ચૌદ પૂર્વના જ્ઞાતા હોવાથી પૂર્વધર ત્રિપુટી તરીકે જે નામોલ્લેખ કરવામાં આવેલ છે એ પણ વાસ્તવિક છે. એ ત્રિપુટીના જીવન અરસ્પરસ સંબંધ ધરાવતા હોવાથી જુદા મૂકવા કરતાં એક જ મથાળા નીચે મૂકવાનું ઠીક જણાયું છે. વળી ઇતિહાસના અંકોડા મેળવતાં સ્થૂલભદ્રના પિતા શકડાલ મંત્રી અવસાન પામે છે ત્યારે શ્રી યશોભદ્રસૂરિજીનો જીવનદીપ બુઝાવાની ઘડીઓ બજી રહી હોય છે. તરતમાં જ સ્થૂલ-ભદ્રનો દીક્ષાપ્રસંગ આવે છે. એ વેળા સંભૂતિ-વિજય ગચ્છના રક્ષણહાર તરીકેની જવાબદારી ભોગવતા હોય છે અને ભદ્રબાહુસ્વામી તો અન્યત્ર વિચરતા હોય છે, આ તે જ સમય છે કે મગધના નાક સમા પાટલીપુત્રમાં નંદ વંશનો અસ્ત થાય છે, મૌર્યવંશ ગાદી પર આવે છે અને જૈનધર્મી માતા–પિતાના ખોળે જન્મેલ, જાતિએ દ્વિજ એવો ચાણક્ય નામા દીર્ઘદર્શી પંડિત આ પ્રકારના રાજ્યપલટામાં અગ્રભાગ ભજવે છે. ભારતવર્ષના ઇતિહાસ-માં આ વેળા બનેલા બનાવો સારા પ્રમા-ણમાં જગ્યા રોકે છે. મૌર્યવંશના આદ્ય પુરુષ ચંદ્રગુપ્ત રાજવીએ શૌર્ય દાખવવામાં મણા નથી રાખી, અને જર્જરિત દશામાં આવી પડેલ છેલ્લા નંદના રાજ્યને નવેસરથી જળ-સિંચન કરી, પુનઃ એક વાર એની પ્રતિષ્ઠાના ડિંડિમનાદ ગજવ્યા છે અને મગધના મહા-રાજ્યને ફરીથી અગ્રપદે આણ્યું છે. એ સર્વ વાતોના વિસ્તારમાં તો નહીં ઊતરી શકાય. ચાલુ પ્રવાહમાં જેટલું વણી લેવા જેવું જણાશે એને વણી લઇ, જૈનગ્રંથોના ઉલ્લેખો ધ્યાનમાં રાખી જે રીતે જીવન–આલેખનનો ક્રમ નિશ્ચિત કર્યો છે એ માર્ગે કૂચ જારી રાખીશું.

આટલી ભૂમિકા પછી વાચકોને પોતાની આંખો પાટલીપુત્રના ઉદ્યાનમાં ફેરવવા વિનંતિ છે. મધ્યભાગે આવેલ એક માળનાં આવાસના એક કમરામાં પાટ પર બિછાવેલ કોમળ અને અતિ સુંવાળા સંથારા પર વયોવૃદ્ધ આચાર્ય યશોભદ્રજી રૂગ્ણ અવસ્થામાં જીવનના અંતિમ દિવસો વીતાવી રહ્યા છે. ભક્તો અવારનવાર સુખશાતા પૂછવા આવે છે અને નવીન પટ્ટધરો-ની વિદ્વત્તા અંગે દેશની બદલાતી પરિસ્થિતિ સંબંધે જ્યોતિષવિશારદોદ્વારા વહેતી મૂકા-યેલ આગાહીઓ વિષે કંઇ કંઇ ખબરો લાવે છે. કેવળ આત્મશ્રેયના અર્થી આ વૃદ્ધ સૂરિજી ‘ધર્મથી કર્મ ઠેલાશે’ એમ કહી મૌન રહે છે. ક્વચિત્ કોઇ સાથે વધુ વાર્તાલાપ કરે છે, પણ આજે જ્યાં મંત્રીશ્વર શકડાલ, પ્રવેશ કરી, સુખશાતા પૂછી, અબ્ભુટ્ઠિઓ ખામી, વંદન કરી, જ્યાં કંઇ વાતનો આરંભ કરે છે ત્યાં તો સૂરિજી ઘડીભર મંત્રીશ્વરના કપાળ સામું એકાગ્રતાથી નિરખી રહ્યા પછી બોલ્યા—

“કેમ પ્રધાનજી! આજકાલ રાજ્ય અંગેની ચિંતા વધુ રહેતી જણાય છે! વ્યાખ્યાનમાં રોજ આવતા નથી એ પરથી હું અનુમાન કરું છું. બાકી વય તો ધર્મસાધનાના કાંઠે પહોંચી લેખાય. તમારા સરખા ધર્મજ્ઞને અન્ય ચિંતા તો ન જ સંભવે.”



For Private And Personal Use Only

"ગુરુદેવ! આપ તો સાચે જ મહાભાગ્યવંત છો. એ વિદ્વાન્ શિષ્યોના ખંધે જવાબદારી સોંપી, કેવલ આત્મશ્રેયના ઇચ્છક બની જે નિવૃત્તિપરાયણ જીવન ગાળો છો એ જોઈ ઘડીભર મનમાં એ પવિત્ર સ્થિતિ પ્રાપ્ત કરવાની તીવ્ર આતુરતા થઇ આવે છે. તે દિને ભદ્રબાહુજીની વિદ્વત્તાભરી ને રહસ્યમયી વાણી સાંભળી મેં મનમાં નિશ્ચય કરેલો કે ગમે તેવું કામનું દબાણ હોય પણ આ લાભ તો ન જ ચૂકવો. પણ અણધાર્યા કામોમાં ગુંથાવું પડયું અને આજે આવી તપાસ કરી તો તેઓશ્રી તો અહીંથી વિહાર કરી ચૂકેલા છે એમ સાંભળ્યું. બાહુબળિના નસીબમાં તીર્થપતિ શ્રી ઋષભદેવના દર્શનનો યોગ ન હોવાથી બીજી સવારે ઉલ્લાસ હૃદયે આવ્યા છતાં કેવળ રેતીમાં પડેલાં પગલાં જ જોવાના મળ્યાં જ્યારે મારા તકદીરમાં એ પણ ન રહ્યું. અંતરમાં એક જ ધ્વનિ ઊઠે છે કે એ આચાર્યશ્રીના દર્શનનો યોગ પુનઃ ક્યારે સાંપડશે ?"

"મંત્રીશ્વર, જ્યારે આટલું સમજો છો ત્યારે શા સારુ આ જવાબદારીભર્યો અધિકાર યોગ્યના ખભે મૂકતા નથી ?"

"ગુરુદેવ, પ્રયાસ તો ઘણી વાર કર્યો. એક તરફ રાજવીની પ્રબળ થતી લોભવૃત્તિ અને બીજી તરફ તેજ બનતી વહેમી પ્રકૃતિથી, હું એટલી હદે થાકી ગયો છું કે કોઇ સંભાળનાર નિકળે તો આજે આ મુદ્રા એના હાથમાં સોંપી, આ જંજાળમાંથી છૂટો થઉં અને આત્મશ્રેયના પંથે પળું. મનમાં હતું કે સ્થૂલભદ્ર એ માટે સર્વ પ્રકારે યોગ્ય છે એટલે પુખ્ત વય પ્રાપ્ત કરે કે એને આમાં જોડું, પણ એ તો કોસ્યાના પ્રેમમાં આકંઠ ખૂડી ગયો! શ્રીયક છે છતાં હજુ વયમાં અને અનુભવમાં પ્રૌઢ ન લેખાય. હાલ રાજવી નંદના સંરક્ષક દળનો તે નાયક છે, એ સ્થાન પણ ઓછી જવાબદારીવાળું ન ગણાય. સરહદ તરફનો ભય ઓછો નથી જ! અવારનવાર ત્યાં થઇ રહેલા બળવા અને છમકલાના સમાચાર મળ્યા જ કરે છે. પાટલીપુત્રના વિશાલ રાજ્યની સુરક્ષિતતા, માતૃભૂમિ પ્રત્યેનો પ્રેમ–અને મંત્રીપણાનો સંબંધ–મને એવા વજ્ર બંધને બાંધી રાખે છે. મારી ભાવના બળ પકડતી જ નથી. મને વૈરાગ્ય આવે છે પણ સ્મશાનભૂમિ પર ઉદ્ભવતી અસર સમો આવે છે."

"મંત્રીશ્વર, જન્મભૂમિનું આકર્ષણ અને પરંપરાનો સંબંધ સાચવવો એ જેટલું જરૂરી છે એથી અધિક જરૂરી પળિયા શ્વેત થતાં પરભવનું પાથેય ગ્રહણ કરવાનું કાર્ય છે. સમજુ આત્મા માટે દરેક પ્રકારની વિચારણા લાભાલાભની તુલાએ થવી ઘટે. કેવળ ચિંતામગ્ન સ્થિતિમાં ઝૂકવું એ કાયરતાનું લક્ષણ છે. એની સામે 'ભાવતવ્યતા' નામનું એક અદ્ભુત બળ કામ કરી રહેલ છે એ વાત જરાપણ મગજ બહાર રહેવી ન જોઇએ. હોણહારને મીટાવવાની શક્તિ માનવના હાથમાં નથી. માનવનું જ્ઞાન કે એનો અનુભવ એ અકળ માયાની લીલા ન તો કળી શકે કે ન તો ઓળખી શકે. હું તો આજે જીવનના આરે ઊભો છું એથી કહો કે કોઇ અગમ્ય દર્શન કરી રહ્યો છું એથી કહો, ગમે તે કારણ હો–પણ એક જ વાત કહું છું કે–મહાનુભાવ, અહર્નિશ ધર્મદેશના સાંભળતા રહો, સમીપવર્તી ગિરિરાજ સમેતશિખરની યાત્રા સકુટુંબ કરો. યમરાજનો સંદેશો કાલે જ મળવાનો છે એમ સમજી જે સાચી તૈયારી કરવાની છે એમાં દત્તચિત્ત બનો."

"ગુરુદેવ, યાત્રાની ભાવના મારા હૃદયમાં આજકાલની નથી. આ પુત્રોના લગ્ન થઇ જાય કે સૌને લઇને નીકળી પડું, પણ મારા સ્થૂલભદ્રે એવું કોકડું ગુંચવ્યું છે કે કંઇ સમજ

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પડતી નથી. બાર બાર વર્ષોના વહાણા વાયા પણ એ વેશ્યાના આવાસેથી પાછો ફરતો જ નથી. એના મિત્રોદ્વારા સંદેશા મોકલવામાં મેં કંઈ જ કમીના નથી રાખી! એના લગ્ન વિના તેનાથી નાની એવી દીકરીઓ વયમાં વધવા છતાં હજુ કુંવારિકાઓ તરીકે જીવન વીતાવે છે! એથી નાનો શ્રીયક પણ આજે તારુણ્યના આંગણે આવવા છતાં અવિવાહિત છે."

"મંત્રીજી, જૈન ધર્મના અનુયાયી હોવા છતાં, મેં પૂર્વે કહ્યું તેમ હોણહારમાં માનતા છતાં, શા સારુ આ જાતના આંક મૂકો છો? 'સ્નેહ અને વૈર' પાછળ ઘણી વાર પૂર્વભવોનો લાંબો ઇતિહાસ જોડાયો હોય છે. એનો ઉકેલ તો જ્ઞાની જ કરી શકે. જે પુત્ર વેશ્યા સાથે પ્રીત બાંધી બેઠો છે તે લગ્ન કરવા આવશે? મિથ્યા પ્રેમમાં લુબ્ધ એવો સ્થૂળભદ્ર એ જાતના વહેવારમાં પડશે ખરો? પ્રીતની રીત તો અટપટી છે. એ બે અક્ષરદ્વારા આલેખાયેલી ચિત્રાવલિ એટલી વિવિધતા ભરી છે કે એના વિવેચનમાં લખવા માંડીએ તો પાનાનાં પાના ભરાય. જાતે પાત્ર શોધનાર અને ગૃહસ્થ જીવન જીવનાર પુત્રને બાજુએ મૂકી, જેમની ઇચ્છા સંસારમાં પડવાની ન હોય પણ કેવળ બ્રાહ્મી સુંદરી કે ચંદનબાળા સરખું જીવન જીવવાની હોય તેમને પોતાના માર્ગે જવા દઇ, જે બાકી રહેતું હોય એનો જ વિચાર કરો.

"પ્રશંસાપાત્ર વસ્તુ તો 'બ્રહ્મચર્ય' જ છે. એનું સેવન કરનાર આત્મા સાચે જ પવિત્ર છે. સૌ કોઇ એ રાહ ન સ્વીકારી શકે એ સમજાય તેવું છે. ગૃહસ્થાશ્રમમાં રહેવાવાળા માટે એ શક્ય નથી એ પણ ગળે ઊતરે તેવું છે, શ્રાદ્ધ સમુદાય સારુ એ વ્રતમાં છૂટક બારીઓ મૂકી હળવું બનાવ્યું છે એ પણ મારી જાણ બહાર નથી; અને ગૃહસ્થીઓને લગ્ન જેવો અન્ય કોઇ પણ પ્રસંગ મોંઘેરો નથી એ હું જાણું છું, છતાં એ વિષય મારા ક્ષેત્રની મર્યાદા બહાર હોવાથી, મારી તો માત્ર એક જ સૂચના છે. અને તે એટલી જ કે જેમ બને તેમ સત્વર વીશ જિનના નિર્વાણ કલ્યાણકથી પવિત્ર બનેલી ભૂમિના-શ્રી સમેતશિખરગિરિના-દર્શન કરી આવો. માનવભવની સફળતાનો આવો અનુપમ યોગ સાંપડ્યો છે તો એને હાથમાંથી જવા ન દ્યો."

"ગુરુદેવ, હું જાણું છું કે આપના કથન પાછળ જરૂર રહસ્ય છુપાયેલું છે. આપે આજે મારી સાથે વાર્તાલાપમાં જે સમય લીધો છે એટલો નથી તો બીજા સાથે લેતા કે નથી તો આટલી હદે ઊંડા ઉતરતા. હું એ દિશા પ્રતિ પ્રયાણ કરવાનો પ્રયત્ન આજથી જ ઘેર જઇ આરંભી દઇશ."

ઉપરના પ્રસંગ પછી મંત્રીશ્વર શકડાલે રાજ્યકાર્ય ન તો છોડી દીધું કે ન તો એ અંગેની ચિંતા ત્યજી દીધી! જેમ અધિકાર મોટો તેમ જવાબદારી વધારે એ નિયમ ધ્યાનમાં રાખી, પોતાનો દૈનિક કાર્યક્રમ એવી રીતે ગોઠવી દીધો કે એમાં આચાર્યશ્રી સંભૂતિવિજયજીને વંદન કરવાનો અને ધર્મદેશના શ્રવણ કરવાનો સમય ફાજલ પડે. વળી વૃદ્ધ સૂરિમહારાજ સાથેના વાર્તાલાપથી પણ અર્ધાંગના લક્ષ્મીવતીને માહિતગાર બનાવી, ઉભય દંપતીએ પુત્ર-પુત્રીઓના મંતવ્ય આડે ન આવવાનો નિરધાર કર્યો. પરણવાની ઇચ્છાવાળાને જ સાક્ષીભૂત બની પરણાવવા અને સ્વજીવનનું જે સાચું સાધ્ય તે પ્રતિ પગલા પાડવા એવો માર્ગ અખ્તીયાર કર્યો.

સ્થૂલિભદ્રનો માર્ગ નિષ્કંટક બન્યો. ઘેર પાછા ફરવાના સંદેશની રોકટોક નષ્ટ થઇ. કોશ્યા સાથેના ઐચ્છિક વિલાસ તે માણતો રહ્યો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



યક્ષા–યક્ષદિન્ના, ભૂતા–ભૂતદિન્ના, સેણા, વેણાં અને રેણા નાની સાત પુત્રીઓ જ્ઞાનાર્જનમાં જ રક્ત રહેવા લાગી. તેઓની સ્મરણશક્તિ દિવસે દિવસે વધુ સતેજ બનવા લાગી. એકાદ નવો શ્લોક કે નવું પદ એક વાર સાંભળતાં જ યક્ષાને યાદ રહી જતું. એ યક્ષદિન્ના આગળ બોલી બતાવે એટલે સાંભળનાર એવી યક્ષદિન્ના પણ એ કંઠાગ્ર કરી લેતી અને આ ક્રમ વિસ્તાર પામતા રેણા પણ એમાં પારંગત બનતી, અર્થાત્ સાતમી વાર સાંભળીને યથાર્થ સ્વરૂપે રજૂ કરવાની તાકાત દાખવતી.

આવી અપૂર્વ શક્તિના જોરે એક વાર રાજવી નંદની સભામાં વિપ્રવર્ય વરરુચિને શ્યામમુખ કરી દીધો હતો. એણે રચેલા શ્લોકો વસ્તુતઃ નવીન હોવા છતાં સ્મરણશક્તિદ્વારા ગાઈ બતાવી સભામાં એ નવીન નહીં પણ જૂના હતા એવી છાપ બેસાડી હતી. જો કે આમ કરવામાં પ્રતિદિન અપાતી ૧૦૮ દિનાર બચાવી, રાજ્યભંડાર ખાલી થતો અટકાવવાની, કેવલ પ્રશંસાની પ્રશસ્તિઓ પાછળ દ્રવ્ય ન વેડફી દેવાની મંત્રીશ્વર શકડાલની ભાવના હતી. પુત્રીઓના ઉચ્ચારણ કાર્યથી એ ખર આવી. વરરુચિ દ્વિજને અપાતી એ મહોરો અટકી ગઈ, પણ સાથે જ એ મહાશયનો પ્રકોપ મંત્રી પર ઊતર્યો. ભૂદેવે હરકોઈ યત્ને પોતાને થયેલ આ અપમાનનો બદલો લેવાનો નિશ્ચય કર્યો. વાત નજીવી હતી, પણ નંદવંશનું પતન એ રીતે નિર્માયું હોવાથી રજમાંથી ગજ માફક આ અણધાર્યું વૈર વધવા માંડ્યું. નતિજો એ આવ્યો કે મંત્રીશ્વરને ત્યાં થઈ રહેલી શ્રીયકના લગ્નપ્રસંગની તૈયારી, એ વેળા રાજવીને ભેટ ધરવા અર્થે તૈયાર કરાવવામાં આવતા અવનવા શસ્ત્રો અંગે ભૂદેવ વરરુચિએ બાળકોની વાણીદ્વારા એવી તો સજ્જડ વાયકા ફેલાવી કે–' એ પાછળ મંત્રીનો ગાદી પચાવી પાડવાનો હેતુ છે.' કાચા કાનના રાજવીએ આ વાતમાં વિશ્વાસ મૂક્યો! આમ રાજા અને પ્રધાન વચ્ચે વૈમનસ્યનાં બીજારોપણ થયાં.

આ પાછળ બારણે પ્રવર્તતી ચાલબાજી વિવાહની તૈયારીમાં પડેલ મંત્રીશ્વરના ખ્યાલમાં ન આવી. એમના હૃદયમાં લગ્ન પતાવી સકુટુંબ–પરિવાર યાત્રા કરવાની તમન્ના એટલી બળવત્તર બની હતી કે પોતાની ગેરહાજરીમાં રાજાના કાન કેવી રીતે ભંભેરાયા છે એ વાત ન તો તેમના જાણવામાં આવી કે ન તો એ સંબંધમાં કંઈ શંકા જન્મી. સંસારી કાર્ય ઉકેલી, ભેટ ધરવાની સામગ્રીનો સમારંભ આવ્યા પછી કરવાનું નક્કી કરી, પહેલાં યાત્રાર્થે નીકળ્યા. ઉછળતા હૃદયે અને અપૂર્વ ઉલ્લાસથી પવિત્ર નિર્વાણભૂમિમાં ફર્યા અને અંતરને ભાવનાથી તરબોળ કરી દીધાં. પવિત્ર ગિરિરાજની છાયામાં અનોખી નિવૃત્તિ અનુભવી.

પાછા ફર્યા ત્યારે વાતાવરણમાં વિષમતા પ્રવેશી છે એવી કંઈક ગંધ આવી. રાજ્યસભામાં પગ મૂકતાં જ રાજવીનો પોતા પ્રત્યેનો અણગમો પરખાઈ આવ્યો! મંત્રીશ્વર સભા પૂરી થતાં ઘેર આવ્યા. કરવી જોઈતી તપાસ પોતાના ખાસ ચરદ્વારા કરી અને વરરુચિ દ્વિજે પાથરેલ પ્રપંચજાળનો ઇતિહાસ પામી ગયા. જોડે એ પણ જાણી ગયા કે હવે એ પ્રપંચને ભેદવાનો માર્ગ પણ રૂંધાઈ ગયો છે!

રાજાનો કોપ ઉતરશે અને કુટુંબની પાયમાલી નોતરશે એ વાત ચોક્કસ ગળે બેઠી. પૂર્વજનો ઇતિહાસ આંખ સામે રમી રહ્યો. મન વિચારમગ્ન બન્યું. આખરે પ્રજ્ઞા કેવી રીતે સહાયે આવી તે હવે પછી.

ચોકસી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સુવર્ણ

૫૧. છિદ્રાન્વેષીનો કોઈ વિશ્વાસ કરતું નથી. એ દોષ હોય તો બારીક નિરીક્ષણ કરી કાઢી નાખવા જેવો છે.

૫૨. વિના બોલાવ્યે બોલી તણખલાને તોલે શા માટે બનવું?

૫૩. કારણ વિના મળતું અતિ માન શંકા કરવા યોગ્ય છે.

૫૪. અજાણ્યા મનુષ્યનો વિશ્વાસ અને અજાણ્યા ફળનું ભક્ષણ કરવા યોગ્ય નથી.

૫૫. સર્વત્ર પ્રશ્નકર્તા સુલભ છે. દાતા અને ઉત્તરદાતાની જ જગતમાં દુર્લભતા છે–અલ્પતા છે.

૫૬. ગુણ પણ કયારેક સ્થાનાભાવે દોષરૂપ બની જાય છે.

૫૭. ક્યારેક દોષ પણ ગુણનું સ્થાન લે છે—કામ કરે છે.

૫૮. વિધિની વિચિત્રતાનો પાર નથી. તેના પ્રતાપે જ કવિની કલ્પનાને પણ અગોચર કાર્યો પલકમાં બની જાય છે.

૫૯. સર્વત્ર બળ કામ નથી કરતું. ૬૦. કદાચિત્ બળથી છળ વધી જાય છે.

૬૧. પ્રેમનું શાસન જગત પર એકછત્ર ચાલે છે.

૬૨. જેનામાં અઢી અક્ષરનો પ્રેમ નથી તો કાંઇ નથી.

૬૩. વિષય અને પ્રેમ તદ્દન ભિન્ન છે. પ્રેમની વ્યાખ્યા ઘણી વિસ્તૃત છે.

૬૪. વિદ્યા એ ન ચોરાય એવું અક્ષય ધન છે. ૬૫. પરભવનું પાથેય ધર્મ છે.

૬૬. સ્વમુખે થયેલી સ્વપ્રશંસા શોભતી નથી.

૬૭. જે સુખની પાછળ દુ:ખ હોય તે યથાર્થ સુખ નહિ.

૬૮. બિમાર પાસે બિમારીને લગતી વાત કદી ન કરો.

૬૯. આભારનો ભાર સૌથી વધી જાય છે.

૭૦. અધિકાર છતાં અન્ય ઉપર ઉપકાર ન થયો તો તેનો આદિ અક્ષર 'અ' લુપ્ત થાય છે. પાછળનો ધિક્કાર તેને ફાળે રહે છે.

૭૧. હુંડી કે ચેકના બધા કાગળ સમાન છતાં અંકમાં ફેર હોવાથી મૂલ્યમાં ફેર પડે છે તેમ સમાન માનવ દેહ છતાં ભિતરની પાત્રતાના ફેરથી નાના–મોટાપણું થાય છે.

૭૨. કહી શકો તો મોઢે કહો પણ કોઇની પીઠ પાછળ અવર્ણવાદ ન વદો.

૭૩. જ્વરવાળાની જેમ ધનવાનના મુખમાં કટુતા ન આવે તો એ આશ્ચર્ય ગણાય.

૭૪. ધનાગમ પછી પ્રથમના ઘર, મિત્ર અને સ્ત્રી ઉપર પૂર્વવત્ સ્નેહ રાખે તે પણ એક આશ્ચર્ય જાણવું

૭૫. કોઈપણ બાબતમાં ઉતાવળે અભિપ્રાય ન બાંધો.

—રાજપાલ મગનલાલ વ્હોરા



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ચોરના હાથમાં તીજોરીની ચાવી

**શ્રીયુત બાલચંદ હીરાચંદ-માલેગામ**

એક નાના સરખા શહેરમાં એક સાહુકાર રહેતો હતો. સાહુકારનું ઘણા લોકો પાસે લહેણું તો હોય જ. તેમાં ચાર આસામી એવા બદમાશ હતા કે દેવાદાર છતાં સાહુકારને આડીઅવળી રીતે ધમકાવ્યા જ કરે. એવા લોકો તરફથી નાણા વસુલ થવા તો મુશ્કેલ જ હતા, પણ તેમની ધાક સાહુકારને રાખવી પડતી. એ માણસો ક્યારે કેવી રીતે નુકસાનકર્તા થશે એનો જરા ય ભરોસો ન હતો. તે લોકોથી સાહુકારને ઊલટું કરવું પડતું હતું. મતલબ કે એ લોકો ઊલટો ચોર કોટવાળને દંડે તેવા થઇ ગયા હતા અને દુશ્મનની ગરજ સારતા હતા.

સાહુકારને પોતાની પુખ્ત ઉમરમાં મન થયું કે-આપણે તીર્થયાત્રા કરવા માટે પોતાના કુટુંબ પરિવાર સાથે જવું. પોતાની મીલકત સાચવવા માટે તેણે યોજના તો કરી હતી, પણ પેલા ચાર આસામીઓની તેને ધાક લાગતી હતી. યાત્રાએ ગયા પછી તે લોકો કદાચિત કાંઇ આડુંઅવળું કરે અને નુકસાન પહોંચાડે તે માટે શેઠને શંકા થયા કરતી. શેઠે એ ચારે જણને કહેવડાવ્યું કે-શેઠ જાત્રાએ જાય છે તેથી તમને મળવા બોલાવે છે. તેઓ મને કે કમને આવ્યા તો ખરા. શેઠે તરત જ તેમની પાસે નીકળતા લેણાનો હિસાબ તેમને બતાવ્યો અને તેમના દસ્તાવેજો હાથમાં લઇ તેમને બતાવ્યા. આસામીઓ તો મનમાં ખીજવાતા હતા જ, પણ આગળ ચાલતાં શેઠે તે દસ્તાવેજો પોતાના હાથે તેમના સમક્ષ ફાડી નાખ્યા ને કાગળના કટકા તેમના અંગ ઉપર નાખી દીધા. આસામીઓ તો એકદમ શેઠનું આ સાહસ જોઇ આભા જ બની ગયા! તેઓ શેઠની માફી માંગવા માંડ્યા ને આમ એકદમ બધુ લહેણું છોડી દેવા માટે ના કહેવા માંડ્યા!

શેઠે ચોકખા શબ્દોમાં કહ્યું કે-અત્યારે તો મારે જાત્રા કરવા બધા કુટુંબીઓ સાથે જવાનું છે. ઘરનો બંદોબસ્ત તમારે માથે મૂકવાનો છે. તમારે મારું ઘર સાચવવું એટલા માટે જ આપણા વચ્ચે લેણદેણના લફરાની વાત ન રહે તેવું કરી રાખવા માટે જ આમ કર્યું છે. લેણદેણની વાત કોરે મૂકી દયો. હવે આપણે પરસ્પર સ્નેહ રાખવો એટલે અમે સુખેથી જાત્રા કરી આવીએ. આમ શેઠના ખુલ્લા દિલના શબ્દો સાંભળતાની સાથે ચારે આસામીઓએ તરત જ ઉઠી શેઠના પગે હાથ મૂક્યા ને પ્રતિજ્ઞા કરી કે-હવેથી તમારી મીલ્કત અમો જીવના જોખમે પણ સંભાળીશું, અને તમારી પાસેથી શાબાશી મેળવીશું. લેણદેણ બાબત તો તમે જો કે બધું માંડી વાળેલું છે છતાં અમે તેનો પૂરેપૂરો બદલો વાળશું. એમ કહી શેઠને સુખેથી જાત્રાએ જવા માટે રજા આપી. પહેલાં જે દુશ્મનો જેવા લાગતા હતા તે જ માણસોને શેઠે પોતાના વિશ્વાસપાત્ર કરી મૂક્યા અને પોતે સુખેથી જાત્રા કરવા નીકળી પડ્યા.

શેઠની પાછળ પેલા ચારે જણે પૂરી પ્રામાણિકતા બતાવી શેઠની મીલ્કતનું



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચોરોથી રક્ષણ કર્યું. ખડે પગે પહેરો ભરતા રહ્યા અને દુશ્મન મટી પૂરેપૂરી સજ્જનતા દાખવી.

મનુષ્યમાં કામ, ક્રોધ, લોભ, મોહ, દ્વેષ વિગેરે અનેક દુર્ગુણો વાસ કરે છે અને આ બધા દુર્ગુણોથી બચવા માટે અને તે પ્રગટ જ ન થાય તે માટે નાના પ્રકારની યોજનાઓ, યુક્તિઓ, અનુષ્ઠાનો અને ભાવનાઓ બતાવેલી છે. તેનો ઉપયોગ કરવાના પ્રયોગો પણ ઘણા કરે છે, છતાં આ દુર્ગુણો તો પરંપરાએ અનેક માર્ગે આવી ઊભા જ રહે છે. અને કોઇક વિરલ મનુષ્ય તેમનાથી વિમુક્ત રહી શકે છે. આ શત્રુઓને જો યોગ્ય કામગિરી આપવામાં આવે તો તેઓની જે અસાધારણ શક્તિ છે તેનો આપણે સારા કાર્યમાં ઉપયોગ કરી શકીએ. એન્જીનમાં શક્તિ હોય છે. તેનો ઉપયોગ યોગ્ય રીતે કરવામાં આવતો હોય તો મોટી સેવા થઇ શકે છે. તેવી જ રીતે આ વિકાર શત્રુઓને બીજા કામે લગાડવામાં આવે તો તેઓ નુકશાનને બદલે લાભ આપી શકે.

વિકારોથી સર્વથા નિવૃત્ત થવાનું સદ્‌ભાગ્ય જે મહાન્ આત્માઓને મળે તેમના ભાગ્યનો પાર નથી, પણ જ્યાં સુધી તેવું ભાગ્ય આપણને ન મળે ત્યાં સુધી આપણે વિકારોને પણ કામે લગાડવાનું ઠીક છે કે કેમ તે જોઇએ.

સર્વના માથે કામ એ વિકાર છે ને ભલભલાઓને તે પોતાના ઊંચા પદથી નીચે પટકે છે. તેને કોઇપણ કાર્યમાં રોકવાથી તેનું જોર ઓછું થતું હોય તો તે ઇચ્છવાજોગ છે, માટે જે તીવ્ર વાસના કામભોગમાં હોય છે તે જ વાસના ઇશ્વરભજનમાં હોય; તેવી જ તાલાવેલી ઇશ્વરભજનમાં હોય તો કેવું સારું ? ઇશ્વરભજનમાં કામને જોડી દેવાથી તેના દ્વારા થતી ઉપાધિ મટીને તે ગુણકર્તા થઈ પડશે. એટલે અવગુણકર્તા વિકારને જ ગુણી કરવાનો એ એક ઉત્તમ માર્ગ છે. તેવી જ રીતે ઇંદ્રિયદમન કરવામાં ક્રોધ કરવો એ પણ પ્રશસ્ત જ થઇ પડશે. ભલે ક્રોધ કાયમ રહે પણ પોતાની ઇંદ્રિયો તોફાની બની આત્માને અવગુણકર્તા હોય તેને શિક્ષા કરવામાં ક્રોધનો ઉપયોગ કરવો તે કેટલું સારું ? આવા કાર્યમાં એ વિકારને રોકવાથી તેનો અવગુણ કરવાનો સ્વભાવ ઊલટો ગુણકર્તા થઈ પડવાનો.

પ્રભુના વચનો સાંભળવાનો અને તેને હૃદય સાથે સ્વીકૃત કરી લેવાનો લોભ હોય તો તે શું નુકસાન કરી શકવાનો? ભલે લોભ કાયમ રહે પણ તે પ્રભુવચન શ્રવણ અને ગ્રહણ કરવામાં ખૂબ સારો ભાવ ભજવી ગુણકર્તા થઇ પડશે, માટે લોભને પણ કાર્ય સોંપવામાં યુક્તિ વાપરવાથી તે હાનિકર્તા થવાને બદલે ગુણકર્તા થઇ પડે તેમ છે.

એવી જ રીતે દરેક વિકારોને જો યોગ્ય યુક્તિથી વાળવામાં આવે તો તેમનો સ્વભાવ પલટાઇ તે આત્માને સહાયકર્તા થઇ પડવાનો સંભવ છે.

એટલા માટે જ ઇંદ્રિયોના બધા વિષયોને યોગ્ય માર્ગદર્શન કરાવવા માટે પ્રભુપૂજાની યોજના પૂર્વાચાર્યોએ કરી ને તે પરંપરા અબાધિત રાખેલી છે. નાકને સુગંધ ગમે છે. તે સવિકાર ભાવનાને પોષક છે તેને પ્રભુપૂજામાં જોડવાથી તે વિકાર રહિત થઇ પ્રશસ્ત અને નિવૃત્તિમય થઈ જાય છે. પ્રભુને સુગંધી દ્રવ્યથી–ધૂપ ફૂલ વિગેરેથી પૂજતા પૂજકને સ્વા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાવિક રીતે જ તે સુગંધીનો લાભ થઇ જાય છે. તેમાં ફક્ત નિવૃત્તિનો ફેર પડે છે એટલે જ તે ગુણકર્તા થઇ પડે છે. આંખને સુંદર વસ્તુ જોવાની વાસના હોય છે ત્યારે પ્રભુ-પૂજનમાં સુંદર આંગી, મનોહર પુષ્પગૃહ, સુંદર દીપકરચના વિગેરે કરવાથી આંખના તે વિકારને સુંદર સાધન મળે છે ને તે આત્માને અવગુણ નહીં કરતાં ગુણ કરે છે. એમાં ઇંદ્રિયના વિષયને માટે દિશાફેર બતાવવામાં આવેલ છે, બીજું કાંઇ નથી; પણ તેથી પ્રશસ્ત રાગ ઉત્પન્ન થઇ કેટલો બધો ગુણ થાય છે ? કર્ણેંદ્રિયને સુંદર ગાનતાન સાંભળવાનો લોભ હોય છે, તેના માટે સુંદર રાગમાં સ્તવન તાલબદ્ધ શ્રૃતિમનોહર વાદ્યો સાથે પ્રભુપૂજન કરવામાં આવવાથી કર્ણેંદ્રિયનું સમાધાન થઈ તે ઇંદ્રિયના વિષયને યોગ્ય માર્ગદર્શન થઇ, તેની વિકારવશતા પલટાઇ તેને પ્રશસ્ત માર્ગ બતાવવામાં આવે છે. એ યોજના માટે યોજકનો જેટલો ઉપકાર માનીએ તેટલો ઓછો જ.

એટલા માટે મનોવિકારોને પ્રવૃત્તિમય માર્ગથી રોકી નિવૃત્તિમય માર્ગમાં લગાડી દેવાની, તેના અવગુણો નષ્ટ થઇ આત્માને તે ગુણકર્તા થઇ પડે છે એ વાતનો વિચાર કરી દરેક મુમુક્ષુ આત્માએ એવા વિકારોને યોગ્ય માર્ગે વાળવા માટે યથાશક્તિ પ્રયત્ન કરવો જોઇએ.

## ભાવશૂન્ય ક્રિયા ફળવતી થતી નથી

શ્રી સિદ્ધસેનદીવાકરજીકૃત ' કલ્યાણમંદિર 'નામના મહાપ્રભાવિક સ્તોત્રના ૩૮ મા કાવ્યમાં કહ્યું છે કે-**यस्मात् क्रियाः प्रतिफलंति न भावशून्याः ।** આ વાકયના અર્થ તરીકે જ આ લેખનું મથાળું રાખ્યું છે.

આપણે સામાયિક, પ્રતિક્રમણ, પૌષધ, દેવપૂજા, તપ, જપ, તીર્થયાત્રા વિગેરે અનેક પ્રકારની ધર્મક્રિયાઓ કરીએ છીએ, પરંતુ તે ઘણી વખત ભાવ વિનાની લૂખી હોય છે. ભાવની ઉત્પત્તિ માટે પ્રથમ તે ક્રિયાનું મહત્વ સમજવું જોઇએ. જ્યારે તેનું મહત્ત્વ-તેની કિંમત સમજવામાં આવે ત્યારે તેમાં ભાવ આવે છે, ચિત્ત સ્થિર થાય છે અને તે ક્રિયા રસવતી બને છે. આપણે લોકપ્રવાહમાં પડીને અન્યાન્ય ક્રિયા કરીએ છીએ, પરંતુ તેમાં પૂરું લક્ષ રાખતા નથી. એક તરફથી શરીર ક્રિયા કરે છે, વચનદ્વારા સૂત્રો બોલાય છે અને મન ક્યાંક ભટકતું હોય છે. કાઉસગ્ગ કરવાનો આવ્યાની ખબર પણ જ્યારે ક્રિયા કરાવનાર 'અપ્પાણં વોસિરામિ' કહે છે ત્યારે પડે છે. કાઉસગ્ગ કરતાં કરતાં પણ કેટલા નવકાર થયા કે કેટલા લોગસ્સ ગણાયા તેનું પણ ભાન રહેતું નથી. આવી ક્રિયા તેનું પૂરું ફળ શી રીતે આપે ? માટે જેમ બને તેમ ઉપયોગપૂર્વક ભાવ સંયુક્ત ક્રિયા કરવાની ટેવ પાડવી કે જેથી ફળપ્રાપ્તિમાં વૃદ્ધિ થાય. ભાવ વગરની ક્રિયા કદાપિ ફળદાયક થતી નથી. શાસ્ત્રમાં પણ કહ્યું છે કે-દાનાદિ ચાર ધર્મો પણ ભાવરહિત હોય તો લૂણ વિનાના ભોજનની જેમ નિરસ છે. કહ્યું છે કે-' **ભાવ વિના દાનાદિકા, જાણ અલૂણું ધાન્ય.** ' આ બાબત બીજે પ્રસંગે વધારે લખવા ઇચ્છા રહે છે.

કુંવરજી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આદીશ્વરજિન સ્તવન×

આંગી અવલ બની છે રે, આવો આદેસર જઇએ;
પૂજા જોર બની છે રે, આવો આદેસર જઇએ. ટેક.
અંગી અંગી સુંદર સવિ દિસે, શોભા જેહની વારુ રે;
કૂડા કલિયુગમાં આપણુને, મિલિયો જગનો તારુ. આંગી૦ ૧
આદિ નિગોદથકી નીસરિયો, કર્મ નરેશર જોરે રે;
ધન્ય સદાગમ જેણે એ મેલ્યો, સાહિબ સબળો તોરે. આંગી૦ ૨
મોહ વેશ અડવીશ ધરીને, જગજન કેડે લાગો રે;
ઉગારે આદીસર તેહથી, ચરણે જઇને લાગો. આંગી૦ ૩
ભાવસંધિ ભોળા મત ભૂલો, કાળ કહો કિમ કલીએ રે;
આદીસરને ધ્યાને રહેતાં, શિવસુંદરીને મિલીએ. આંગી૦ ૪
વિષયલોકની મેલી સગાઇ, મૂકો મોહ ઠગાઇ રે;
હું હું કારે શ્યું હીંડો છો ? કરણી વિણુ મોટાઇ. આંગી૦ ૫
પંચમ આરે એ પ્રભુજીનું, દરિશન દુર્લભ દીઠું રે;
તરસ્યા નરને અટવીમાંહે, શ્યું અમૃતથી મીઠું ? આંગી૦ ૬
દોષરહિત નિરાગ નિરંજણ, મુદ્રા પ્યારી લાગે રે;
હેડે હર્ષ ધરીને જોતાં, અંતર અનુભવ જાગે. આંગી૦ ૭
ખુશાલચંદની શેઠીમાં રે, દેઉલ એહ નીપાયો રે;
ધન્ય જનનીના જાયા જેણે, બહુલો લાભ ઉપાયો. આંગી૦ ૮
કોઠારીની પોળે ઊંચો જઇ, અંબર લગે અડિયો રે;
ધરમતણે સાહાય્યે સબલો, ચૈત્ય સિરાડે ચડિયો. આંગી૦ ૯
બહુ પરિવારે માંહે વિરાજે, આદિ જિણેસર સ્વામી રે;
પ્રહ ઊઠી પ્રેમે ભવિ પ્રાણી, નમીએ નિત્ય શિર નામી. આંગી૦ ૧૦
ભક્તિ કરો પ્રભુને નવ અંગે, લહીએ કામિત કોડી રે;
શ્રી સુમતિ સુગુરુ સેવક ઇમ જંપે, **રામવિજય** કર જોડી. આંગી૦ ૧૧

**સંપાદક મોહનલાલ ગિરધર-પાટણ**

---

## નવા સભાસદો

| | | |
|---|---|---|
| વકીલ ગુલાબચંદ વાઘજીભાઇ જ્ઞાનભંડાર | વઢવાણ કેમ્પ | લાઇફ મેમ્બર |
| ગાંધી છોટાલાલ સુખલાલ તારવાળા | વઢવાણ કેમ્પ | ,, |
| શાહ ગોપાળજી પનજી | વેરાવળ | વાર્ષિક મેમ્બર |
| શાહ દેવચંદ મૂળજી | મુંબઇ | ,, |
| શાહ મંગળચંદ કલ્યાણચંદ | ,, | ,, |
| કાંતિલાલ એમ. ઝવેરી | ,, | ,, |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 156

## બુકો વેચાણ મગાવનારને સૂચના

શ્રી ત્રિષષ્ટિ શલાકા પુરુષ ચરિત્રનો સેટ, શ્રી ઉપદેશપ્રાસાદ ભાષાંતરનો સેટ તથા શ્રી ઉપમિતિ ભવપ્રપંચા કથાનો સેટ મગાવનારને જણાવવાનું કે–સેટની જે કિંમત ઓછી લેવામાં આવતી હતી તે હવેથી બુકોમાં જણાવ્યા પ્રમાણે પૂરી લેવામાં આવશે.

## શ્રી વૈરાગ્યકલ્પલતા ગ્રંથ

ઉપાધ્યાય શ્રી યશોવિજયજીકૃત આ પદ્યબંધ ગ્રંથ અમદાવાદનિવાસી પંડિત ભગવાનદાસ હરખચંદ તરફથી હાલમાં બહાર પડેલ છે. ગ્રંથ ઉપમિતિ ભવપ્રપંચા કથાનું સ્મરણ કરાવે તેવો તે જ સ્વરૂપમાં બનાવેલો છે. અત્યુત્તમ ગ્રંથ છે. શ્લોકસંખ્યા સાત હજાર છે. કિંમત રૂ. ૬) રાખેલ છે. તે અમારે ત્યાંથી પણ મળશે. જરૂર મંગાવો ને લાભ લ્યો.

## શ્રી ગુણવર્મા ચરિત્ર ભાષાંતર

મૂળ સંસ્કૃત ઉપરથી પંડિત પાસે શુદ્ધ ગુજરાતીમાં ભાષાંતર કરાવીને પં. શ્રી વીરવિજયજીના ઉપાશ્રય તરફથી હાલમાં પ્રગટ કરવામાં આવેલ છે. કિંમત આઠ આના. ખાસ વાંચવા લાયક છે. પોસ્ટેજ બે આના. જરૂર મંગાવો. અમારે ત્યાંથી મળી શકશે.

સત્તર ભેદી પૂજા કરનારની ૧૭ કથાઓ આમાં છે.

## શ્રી નવપદજીની પૂજા–સાર્થ

ઉપાધ્યાય શ્રી યશોવિજયજી આદિ કૃત આ શ્રી નવપદજીની પૂજા ઘણી જ પ્રચલિત છે. આંબિલની ઓળી કરનાર માટે દરેક પદના ગુણો, વિધિ તથા ચૈત્યવંદન–સ્તવનાદિ વિસ્તારથી આપવામાં આવ્યા છે. હાલમાં તેની ત્રીજી આવૃત્તિ પ્રગટ કરવામાં આવી છે. જરૂર મગાવો ને લાભ લ્યો. કિંમત ચાર આના. પોસ્ટેજ એક આનો.

## पंच प्रतिक्रमण सूत्र–मूळ. शास्त्री

મૂળ સુંદર ટાઇપમાં છપાવેલ આ બુકમાં પંચ પ્રતિક્રમણ, નવ સ્મરણ, ચૈત્યવંદન, સ્તવન, સ્તુતિ, છંદ તથા વિધિઓ વિગેરેનો સમાવેશ કરેલ છે. વિદ્યાર્થીઓને ખાસ અભ્યાસ કરતા યોગ્ય છે. કાગળની અતિશય મોંઘવારી છતાં જ્ઞાન–પ્રચારનો હેતુ જાળવવા માટે અમે કિંમત વધારી નથી. છૂટક નકલના આઠ આના. સો નકલના રૂ. ૪૫). પોસ્ટેજ ત્રણ આના.

## સ્નાત્ર સંગ્રહ અને અષ્ટપ્રકારી પૂજા

આ બુક હાલમાં જ અમે છપાવી છે. તેમાં શ્રી દેવચંદ્રજી તથા પં. વીરવિજયજીના સ્નાત્ર ઉપરાંત પૂર્વાચાર્યકૃત સ્નાત્ર જે હાલમાં પ્રચારમાં નથી તે દાખલ કર્યું છે. તેમાં શ્રી ઋષભદેવનો ને પાર્શ્વનાથનો એમ બે કળશ છે. જેને પાંચ સ્નાત્ર ભણાવવા હોય તેને માટે શાંતિનાથજીનો કળશ પણ આ બુકમાં દાખલ કર્યો છે. ત્યારપછી શ્રી દેવવિજયજીકૃત અષ્ટપ્રકારી પૂજા દાખલ કરી છે તે અષ્ટપ્રકારી પૂજા કરતાં દરેક પૂજાના પ્રારંભમાં બોલવા લાયક છે. તેમાં તે પૂજા સંબંધી જ વર્ણન છે. ખાસ કંઠે કરવા લાયક છે. કિંમત ત્રણ આના રાખવામાં આવી છે. પોસ્ટેજ પોણો આનો. ખાસ મંગાવો.

મુદ્રક: શાહ ગુલાબચંદ લલ્લુભાઇ–શ્રી મહોદય પ્રિન્ટિંગ પ્રેસ દાણાપીઠ–ભાવનગર

For Private And Personal Use Only